RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 227* Date: 14.06.2022 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ઇડીએ રાહુલને યંગ ઈન્ડિયા કંપની કોણે બનાવી, પૈસા ક્યાંથી આવ્યા તેવા પ્રશ્નો પુછયાં

## નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ ગાંધીની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા પૂછપરછ કરવામાં આવી



નવીદિલ્હી,તા.૧૩

નેશનલ હેરાલ્ડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અધિકારીઓ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની પૂછપરછ કરી હતી.ઈડીના અધિકારીઓની ત્રણ કલાકની આકરી પૂછપરછ બાદ રાહુલ ગાંધી ઈડી ઓફિસમાંથી જમવા માટે જવા દેવામાં આવ્યા હતાં ભોજન બાદ ઈડીના અધિકારીઓએ ફરી પુછપરછ કરી હતી

ઈડી ઓફિસ જતાં પહેલા રાહુલ ગાંધી કોંગ્રેસ કાર્યાલય ગયા હતા. તેમની સાથે તેમની બહેન પ્રિયંકા ગાંધી પણ કોંગ્રેસ કાર્યાલય પહોંચી હતી. અહીંથી તેમણે પાર્ટીના અનેક નેતાઓ સાથે પદયાત્રા કાઢી હતી. વાસ્તવમાં રાહુલ ગાંધી કોંગ્રેસ હેડક્વાર્ટરથી થોડે દૂર ચાલીને ઈડી ઓફિસ પહોંચ્યા હતા. આ દરમિયાન પોલીસે કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોને અટકાવ્યા હતા. રાહુલ ગાંધીનો કાફલો લગભગ ૧૧ વાગ્યે ઈડી ઓફિસ પહોંચ્યો હતો.

સુત્રોના જણાવ્યા અનુસાર નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ ગાંધીની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી. રાહુલ ગાંધીની પૂછપરછ ૩ તબક્કામાં થઈ હતી. ઈડીના અધિકારીઓ પાસે ૫૫ પ્રશ્નોની યાદી તૈયાર કરી હતી.ઈડીના ત્રણ અધિકારીઓએ રાહુલને પૂછેલા પ્રશ્નોની માહિતી સામે આવી છે. યંગ ઈન્ડિયા કંપની અંગે ઈડીએ રાહુલ ગાંધીની પૂછપરછ કરી છે. તપાસ એજન્સીના અધિકારીઓએ રાહુલને પૂછ્યું કે યંગ ઈન્ડિયા કંપની કેવી રીતે અને કોણે બનાવી? રાહુલ ગાંધીને પૂછવામાં આવેલા પ્રશ્નોમાં તેમનું નામ, પરિવાર, સરનામું, કામ, યંગ ઈન્ડિયા કંપની કેવી રીતે અને કોણે બનાવી. સામ પિત્રોડા અને સુમન દુબે સાથે શું સંબંધ છે અને આ કંપની તમારી પાસે કેવી રીતે આવી ? ઈડીના અધિકારીઓએ રાહુલને પૂછ્યું કે યંગ ઈન્ડિયામાં તમારો કેટલો હિસ્સો છે. કંપનીમાં પૈસા ક્યાંથી આવ્યા? યંગ ઈન્ડિયાને પૈસા આપનાર કંપની સાથે શું સંબંધ છે. શું આ કંપની એજેએલને લેવા માટે બનાવવામાં આવી હતી?

આ ઉપરાંત અધિકારીઓએ પૂછ્યું કે કોંગ્રેસ પાર્ટીની ૯૦ કરોડની લોન ૫૦ લાખમાં કેવી રીતે પૂરી થઈ ? એજેએલની કેટલી મિલકત હવે યંગ ઈન્ડિયા પાસે છે અને તેની માલિકી કોની પાસે છે. એજેએલની મિલકતોની સંભાળ કોણ રાખે છે અને તેમાંથી આવતું ભાડું કોને જાય છે.સહિતના પ્રશ્નો ઈડીના અધિકારીઓએ પુછયા હતાં.અધિકારીઓએ રાહૂલને લગભગ ૫૦ સવાલો પુછયા હતાં. રાહુલ ગાંધીના જવાબોમાંથી બની રહેલ સવાલોના કારણે પુછપરછ લાંબી ચાલી હતી.સવારે જયારે રાહુલ ગાંધી ૧૧ વાગે ઈડીની ઓફિસે પહોંચ્યા ત્યારે ત્યાં હાજર સુરક્ષા કર્મચારીઓએ તેને મોબાઈલ વગેરેની બાબતે પુછયું તો રાહુલે તેમને કહ્યું કે તમે ચેક કરી લો તમારી ફરજ છે.જો કે રાહુલ ગાંધી પોતાની પાસે મોબાઈલ લાવ્યા ન હતાં તેમના હાથમાં ઈડીના સમનની કોપી જ હતી.ત્યારબાદ રાહુલ ગાંધીને સુરક્ષા કર્મચારીઓ આસિસ્ટેંટ ડાયરેકટર રેંકના તપાસ અધિકારીઓની પાસે લઇ ગયા રસ્તામાં રાહુલ ગાંધીએ સાથે ચાલી રહેલ સુરક્ષા કર્મચારીઓને તેમનું નામ પુછયુ હતું અને એવું પણ પુછયુ હતું કે તમે અહીં કેટલાક દિવસોથી કાર્યરત છો.શું તપાસ માટે આવનાર દરેક વ્યક્તિને આ રીતે તપાસ અધિકારીની પાસે લઇ જવામાં આવે છે જો કે સુરક્ષા કર્મચારી અને ઈડીના કર્મચારીઓ મુસ્કુરાતા રહી ગયા હતાં તેમને પાસે કોઇ જવાબ ન હતો રાહુલ જયારે તપાસ અધિકારીઓના રૂપમાં પહોંચ્યા ત્યારે ત્યાં અધિકારીઓ હાજર ન હતાં પુછવા પર હાજર રહેલ કર્મચારીઓએ કહ્યું કે તમે બેસો સાહેબ આવી રહ્યાં છે. સુત્રોના જણાવ્યા અનુસાર રાહુલ અધિકારીની આવવા સુધી ઉભા જ રહ્યાં હતાં અધિકારી જયારે પહોંચ્યા તો તેમણે રાહુલ ગાંધીને બેસવા માટે કહ્યું હતું. માસ્કલ લગાવી આવેલ રાહુલ ગાંધીએ કહ્યું થૈંકસ મને જે પુછવું હોય તે પુછો હું તૈયાર છું. રાહુલ ગાંધીને પાણી આપવામાં આવ્યું હતું અને ચ્હા અને કોફી અંગે પણ પુછવામાં આવ્યું હતું.તેમણે તેની ના પાડી હતી.તેમણે એકવાર પણ પોતાનું માસ્ક હટાવ્યું ન હતું.

એ યાદ રહે કે નેશનલ હેરાલ્ડ સાથે જોડાયેલા કથિત મની લોન્ડરિંગ કેસના સંબંધમાં ઈઙીએ રાહુલ ગાંધીને પૂછપરછ માટે સમન્સ પાઠવ્યા હતાં . તપાસ એજન્સીએ અગાઉ રાહુલને ૨ જૂને હાજર થવા માટે કહ્યું હતું, પરંતુ તેણે દેશની બહાર હોવાનું કહીને હાજર થવા માટે બીજી કોઈ તારીખ માટે વિનંતી કરી હતી. તપાસ એજન્સીએ આ જ કેસમાં કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને ૨૩ જૂને સમન્સ પાઠવ્યા છે. અગાઉ તેમને ૮મી જૂને હાજર થવા નોટિસ આપવામાં આવી હતી. જો કે, કોંગ્રેસ અધ્યક્ષે હાજર થવા માટે વધુ સમય માંગ્યો છે કારણ કે તેણી કોરોના વાયરસથી સંક્રમિત છે અને હજુ સુધી સ્વસ્થ થઈ નથી.

## ભાજપને ટક્કર આપવા ચંદ્રશેખર મેદાને ઉતર્યાઃ રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ કરશે

હૈદરાબાદ,તા.૧૩

ઘણા લાંબા સમયથી બિનકોંગ્રેસી થર્ડ ફ્રંટ બનાવવાની મથામણ કરી રહેલા તેલંગણાના સીએમ કે ચંદ્રશેખર રાવ દેશમાં બિન કોંગ્રેસી થર્ડ ફ્રંટ બનાવાના પ્રયત્નો કરી રહ્યા છે. અચાનક થોડા દિવસ પહેલા જ તેમણે કહ્યું હતું કતે, ત્રીજા મોર્ચાની જરૂર નથી. હવે તેમણે ત્રીજા મોર્ચાની જગ્યાએ પોતાની રાષ્ટ્રીય પાર્ટી બનાવાનો નિર્ણય લીધો છે. પાર્ટીની એનઆરઆઈ વીંગે આ નિર્ણયની પુષ્ટિ કરી છે.

દુનિયાભરમાં વસેલા તેલંગણાના લોકોએ સર્વસંમતિથી મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવના રાષ્ટ્રીય રાજનીતિમાં આવવાના નિર્ણયના સમર્થનમાં એક પ્રસ્તાવ પાસ કર્યો છે. તેલંગણાના એનઆરઆઇ સમન્વયક બી ગણેશે એક પ્રસ્તાવ રજૂ કર્યો, જેમાં ટીઆરએસ સુપ્રીમોના વિદેશમાં વસેલા એનઆરઆઈના સમર્થનની જાહેરાત કરી છે. આ દરમિયાન અલગ અલગ દેશોના એનઆરઆઈ સભ્યોએ ઝૂમ મીટિંગમાં કેસીઆરના રાષ્ટ્રીય રાજનીતિમાં પ્રવેશને આવકાર્યો છે.

આ અવસર પર વિદેશોમાં રહેતા ભારતીયોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તમામે એક સૂરમાં કહ્યું કે, કેસીઆરના નેતૃત્વમાં ભારતનો વિકાસ શક્ય છે. મહત્વની બેઠકમાં દુનિયાભરના કેસીઆર સમર્થકોએ આ કહ્યું કે, જેવી રીતે તેલંગણા ઝડપથી વિકાસ કરી રહ્યું છે, તેવી જ રીતે દેશમાં પણ ગુણાત્મક પરિવર્તન આવવાનો વિશ્વાસ છે. ભારતને વિકાસ તરફ લઈ જવા માટે કેસીઆરનું નેતૃત્વ જરૂરી છે. ભારત પ્રાકૃતિક સંસાધનોની ભૂમિ છે, પણ વિકાસના ટાર્ગેટનો પ્રાપ્ત કરવા માટે અત્યાર સુધીની સરકારે તેનો ઉપયોગ કરવામાં નિષ્ફળ રહી છે. કેન્દ્ર સરકારે પાસે ધાર્મિક મુદ્દાને ભડકાવવા સિવાય સંસદમાં ચર્ચા કરવાનો એજન્ડા જ નથી.

જણાવી દઈએ કે, ૨૦૨૨ માં, તેલંગાણામાં સત્તારૂઢ પક્ષ તેલંગાણા રાષ્ટ્ર સમિતિના ૨૧ વર્ષ પૂરા થવાની સાથે, પાર્ટી અધ્યક્ષ કે ચંદ્રશેખર રાવે પ્રાદેશિક રાજકીય ક્ષેત્રથી બહાર આવીને રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ કરવાનો નિર્ણય લીધો હતો. હૈદરાબાદ ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે તેના સ્થાપના દિવસની ઉજવણી દરમિયાન, ઈજી એ સંકેત આપ્યો હતો કે, પાર્ટી આગામી દિવસોમાં રાષ્ટ્રીય રાજકારણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

## પહેલીવાર ડોલરની સામે રૂપિયો ઐતિહાસિક નીચલી સપાટીએ

મુંબઇ,તા.૧૩

ડોલર સામે રૂપિયો સૌથી નીચે સપાટીએ જોવા મળ્યો છે. પ્રથમ વખત ડોલર સામે રૂપિયો ૭૮ રૂપિયાની નીચે ગયો છે. રૂપિયો ૪૩ પૈસા ઘટીને ૭૮.૨૮ રૂપિયા પર પહોંચી ગયો છે. વિદેશી રોકાણકારોની વેચવાલી અને અમેરિકામાં ફુગાવાના આંકડામાં વધારાને કારણે એક ડોલર સામે રૂપિયામાં આટલો મોટો ઘટાડો નોંધાયો છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતોમાં વધારો અને શેરબજારમાં વિદેશી રોકાણકારોની સતત વેચવાલીથી રૂપિયામાં આ ઘટાડો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધ બાદ ડોલર સામે રૂપિયો સતત નબળો પડી રહ્યો છે. વૈશ્વિક અસ્થિરતાને કારણે વિદેશી રોકાણકારોએ તેમનું રોકાણ પાછું ખેંચી લીધું હોવાથી ડોલર સામે રૂપિયો તેની સર્વકાલીન નીચી સપાટી રૂ. ૭૮.૨૬ પર આવી ગયો છે. ઉલ્લેખનીય છે કે ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ યુદ્ધ શરૂ થયું તે પહેલા ડોલરની સરખામણીમાં રૂપિયો ૭૪.૬૨ રૂપિયા પર હતો જે ૧૦ જૂન ૨૦૨૨ના રોજ ઘટીને ૭૭.૮૨ રૂપિયા થઈ ગયો છે. રૂપિયાના ઘટાડાને રોકવા માટે આરબીઆઈએ ઘણા નવા પગલા લીધા છે. નોંધનીય છે કે અમેરિકામાં મોંઘવારી વધી છે. યુએસ માર્કેટમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. હવે એવી આશંકા છે કે યુએસ ફેડરલ રિઝર્વ વ્યાજ દરમાં વધારો કરી શકે છે.વિદેશી રોકાણકારો ભારતીય શેરબજારમાં સતત વેચવાલી કરી રહ્યા છે.

## નૂપુર શર્મા વિરુદ્ધ પ્રદર્શન કરનારાઓ સામે કુવૈત સરકારે કડક કાર્યવાહી કરી




ફહેલ,તા.૧૩

ભાજપના સસ્પેન્ડ થયેલા પ્રવક્તા નુપુર શર્મા દ્વારા ઈસ્લામના પયગંબર મોહમ્મદ વિરુદ્ધ ટિપ્પણી કરતા દેશ સહિત વિદેશમાં આના પડઘા પડી રહ્યા છે.દેશ સહિત વિદેશમાં નુપુર શર્માની ધરપકડની માંગ કરી રહ્યા છે, ખાડી દેશ કુવૈતના ફહેલ વિસ્તારમાં વિરોધ પ્રદર્શન કરનારા ભારતીયો સહિત તમામ બિન-નિવાસી એશિયનો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ તમામની ધરપકડ કરવામાં આવી છે અને હવે તેમને તેમના દેશમાં મોકલી દેવામાં આવશે.

જયારે આ લોકો ફહેલ વિસ્તારમાં એકઠા થઈને વિરોધ કરી રહ્યા હતા, ત્યારે જ મોટી સંખ્યામાં પોલીસ દળો ત્યાં પહોંચી ગયા હતા. આ તમામને ટ્રકમાં લઈ જવામાં આવ્યા હતા. આ તમામ સ્થળાંતર કરનારાઓના વિઝા રદ કરવામાં આવ્યા હતા અને ત્યાંના કાયદાના ઉલ્લંઘન બદલ દેશનિકાલ કેન્દ્રમાં મોકલવામાં આવ્યા હતા. હવે આ તમામ પ્રવાસીઓને પરત મોકલવામાં આવશે. હાલમાં પોલીસ તપાસ કરી રહી છે કે આ લોકોને વિરોધ કરવા કોણે ઉશ્કેર્યા હતા.

કેન્દ્રમાં મોકલવામાં આવેલા ભારતીયો સહિત તમામ એશિયનોના નામ હવે કુવૈતમાં પ્રતિબંધિત લોકોની યાદીમાં સામેલ થશે. તેઓ ફરી ક્યારેય કુવૈતમાં પ્રવેશી શકશે નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર આરબ દેશોમાં ધરણાં અને પ્રદર્શનો આયોજિત કરવા પર પ્રતિબંધ છે.

## અમેરિકાના શિકાગોમાં ગોળીબારમાં ૫ ના મોત, ૧૬ ઘાયલ

શિકાગો,તા.૧૩

અમેરિકામાં એક પછી એક સતત ગોળીબારની ઘટનાઓ સામે આવી રહી છે. એક વાર ફરીથી અમેરિકાના શિકાગોમાં ગોળીબારની ઘટના સામે આવી છે. આ ગોળીબારમાં ૫ લોકોના મોત થયા છે જ્યારે ૧૬ લોકો ઘાયલ થયા છે.

પોલિસના જણાવ્યા મુજબ આ સપ્તાબે શિકાગોમાં શૂટિંગની ઘટનાઓમાં ૫ લોકોના મોત થયા છે. સાઉથ એલ્બીમાં શનિવારે રાતે લગભગ ૧૨.૧૯ વાગે એક ૩૭ વર્ષીય મહિલાની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી. મહિલા રાતે ગાડીમાં મુસાફરી કરી હતી ત્યારે અજાણ્યા વ્યક્તિએ તેને ગોળી મારી દીધી અને ભાગી ગયો. આ ઘટના સાઉથ ઈન્ડિયાનામાં બની હતી જ્યારે એક યુવકને તેની કારમાં ગોળી વાગી હતી. યુવકને ઘણી વખત ગોળી મારવામાં આવી હતી. જે બાદ યુનિવર્સિટી ઓફ શિકાગો મેડિકલ સેન્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. વળી, શનિવારે રાત્રે ૩.૨૦ કલાકે ૨૩ વર્ષના યુવકની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના દક્ષિણ ડેમેનના ૮૬૦૦ બ્લૉકમાં બની હતી.

આ ઉપરાંત, ૩૯ વર્ષીય વ્યક્તિને તેના ડાબા પગમાં ગોળી વાગી હતી. જો કે તેની હાલત સ્થિર છે. તે જ સમયે, અન્ય ૨૪ વર્ષીય યુવકને ગોળી મારવાની ઘટના સામે આવી છે. તેને પણ ડાબા પગમાં ગોળી વાગી છે. ચોથા ઘાયલની ઉંમર ૪૨ વર્ષ છે. તેને પણ ઘણી વખત ગોળી મારવામાં આવી છે. હાલમાં તે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ શુક્રવારે પહેલી મોટી ઘટના સાઉથ જસ્ટિનના ૬૮૦૦ બ્લૉકમાં બની હતી જ્યાં એક ૨૫ વર્ષીય યુવકની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પીડિત પર ઘણા રાઉન્ડ ગોળીઓ ચલાવવામાં આવી હતી. હજુ સુધી આ કેસમાં કોઈની ધરપકડ થઈ નથી. શુક્રવારે રાત્રે ૧૧.૦૫ કલાકે ૪૦૦ બ્લાડમાં પણ ફાયરિંગની ઘટના પણ સામે આવી હતી જેમાં ૨૬ વર્ષીય યુવકનું મોત થયુ હતુ.

## ૧ જુલાઈથી ૧૯ પ્રકારના સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ

નવીદિલ્હી,તા. ૧૩

આગામી ૧ જુલાઇથી દેશભરમાં ૧૯ પ્રકારનાં સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ લાગુ પડશે. સાથોસાથ અન્ય સિંગલ યુઝ પ્લાસ્ટીકના ઉપયોગને નિયંત્રિત કરવા માટેના પ્રયત્નો શરુ કરવામાં આવશે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ મુકવાની દિશામાં શરુઆત સારી ગણી શકાય પરંતુ પ્લાસ્ટીક સામેની લડાઈ લાંબી ચાલે તેમ છે. માત્ર ૧૯ ચીજો પર પ્રતિબંધ મુકીને પ્લાસ્ટીકના કચરામાં ઘટાડો થઇ શકે તેમ નથી. વાસ્તવમાં વધુને વધુ લોકોને જાગૃત કરવાની જરુર છે જેથી ૧લી જુલાઈથી શરુ થનારા બદલાવ વિશે તૈયાર રહી શકે. ૧૯ પ્લાસ્ટીક ચીજોના વિકલ્પ વિશે પણ લોકોને જાગૃત કરવાની જરુર છે.

પ્લાસ્ટીક મામલો ૨૦૧૯માં એક સંશોધન રિપોર્ટમાં ટોક્સિક લીંકનો પર્દાફાશ થયો હતો. જેમાં એવું બહાર આવ્યું હતું કે સિંગલ યુઝ પ્લાસ્ટીકનો કચરો રિસાયકલીંગ પ્લાન્ટને બદલે અન્યત્ર જઇ રહ્યો છે અનેક પ્લાસ્ટીક એવા હોય છે કે જેને કોઇ લેવા તૈયાર થતું નથી. ખાદ્ય ચીજોના પેકેટ, નૂડલ્સના પ્લાસ્ટીક, બિસ્કીટ અને ચીપ્સ જેમાં પેક થાય છે તેવા પ્લાસ્ટીક વગેરેનો કોઇ લેનાર નથી. તેનો બીજી વખત ઉપયોગ કરવાનું શક્ય નથી. જેને કારણે તે લેન્ડફીલ સાઇટ પર પહોંચી જાય છે. રિસાયકલીંગ પ્લાન્ટ માલિકો બિસ્કીટ, નૂડલ્સ, ચીપ્સ ઉપરાંત દવાઓના પ્લાસ્ટીક પર લેવા પણ તૈયાર હોતા નથી. શેમ્પુ, પેન, પેટબોટલ, ટ્યુબ વગેરેનો કચરો ઘણો મોટો હોય છે. આ કચરો લેન્ડફીલ સાઈટમાં ખડકાઈ જાય છે અને તેનાથી જમીન અને પાણીને પણ પ્રદુષિત કરે છે.

કેન્દ્ર સરકારના સુત્રોએ કહ્યું કે ૧લી જુલાઈથી જે ૧૯ પ્લાસ્ટીક ચીજો પર પ્રતિબંધ મુકાવાનો છે તે અભ્યાસના આધારે જ નક્કી કરવામાં આવી છે. પ્રથમ વખત વિસ્તૃત અભ્યાસ કરીને પ્લાસ્ટીકની ચીજોની પ્રતિબંધીત યાદી તૈયાર કરવામાં આવી છે એટલું જ નહીં પ્રથમ વખત કેન્દ્ર સરકારે જાહેરનામુ જારી કર્યું છે.ભુતકાળના પ્રયાસો વખતે રાજયો જાહેરનામા બહાર પાડતા હતા. પ્રતિબંધ લાગુ થયા બાદ વાસ્તવિક અસર નજરે પડવામાં ઓછામાં ઓછા એક થી બે વર્ષ લાગી શકે છે. સરકારી વિભાગો જ કડક અમલ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી શકશે. સિંગલ યુઝ પ્લાસ્ટીક કેટલુ નુકશાન કરે છે તે વિશે પણ લોકોમાં જાગૃતિ સર્જવી પડશે. પ્લાસ્ટીક બનાવતી કંપનીઓને પણ નવા ઉત્પાદનોના વિકલ્પ માટે પ્રોત્સાહીત કરવા પડશે. જે ચીજ પર પ્રતિબંધ લાગ્યો છે તેમાં પ્લાસ્ટીકના ઈયર બડ, બલૂન સ્ટિક, પ્લાસ્ટીકના ઝંડા, લોલીપોપની સ્ટિક, આઈસ્ક્રીમની સ્ટિક, થર્મોકોલથી બનાવેલા સામાન, પ્લેટ્સ, કપ, ગ્લાસ, ચમચી, કાંટા, ચાકુ, સ્ટ્રો, ટ્રે, મિઠાઈના ડબ્બા, આમંત્રણ પત્રિકા, સિગારેટ પાકીટ, ૧૦૦ માઈક્રોનથી ઓછા જાડા પ્લાસ્ટીક અને પીવીસી બેનર વગેરે

સરકાર જે તૈયારી કરી છે તેમાં પોલીથન બેગનો મહત્તમ ઉપયોગ થાય છે તેવા માર્કેટોની ઓળખ. લોકોને કાપડની બેગ આપી શકાય તેવા માર્કેટોની ઓળખ, સૈન્ય તથા પોલીસ વાઈફ એસોસિએશન તથા એનજીઓની મદદથી ઓછી કિમતની કાપડની બેગ બનાવવાની તૈયારી, જૂના છાપાનો ઉપયોગ કરીને કાગળની બેગ બનાવવાની તૈયારી, સ્કૂલ અને શૈક્ષણિક સંસ્થાઓમાં વાસણ બેંકની રચના, ઈકો ફ્રેન્ડલી કટલેરી સરળતાથી ઉપલબ્ધ બને તેવા પ્રયાસનો સમાવેશ થાય છે.

## તંત્રી સ્થાનેથી...

# દરેક બાબત માટે કેમ અમુક લોકોને જ પેટમાં દુઃખે છે?

*દેશ કઈ દિશા તરફ આગળ વધી રહ્યો છે? વિકાસ તરફ દેશ જઈ રહ્યો છે? વિવાદોના મધપૂડામાં દેશ ફસાઈ રહ્યો છે? વિવિધ યોજનાઓ અને બિલોના વિરોધમાં દેશની પ્રજાને કન્ફ્યૂઝ કરવામાં આવી રહી છે? વિરોધ પક્ષો દ્વારા કેમ દરેક બાબત - પછી તે દેશહિતની પણ કેમ ન હોય? - વિરોધ કરવામાં આવી રહ્યો છે? શું વર્તમાન સરકાર ખરેખર પારદર્શી વહીવટ કરી રહી છે? સાચે જ ભ્રષ્ટાચારી બ્યૂરોક્રેસી, નેતાઓ અને વચેટીયાઓની દુકાનો બંધ થઈ જવાની છે? અને એટલે જ... પાણીનો રેલો પોતાના પગ નીચે આવે એ પહેલા જ આ સરકારનો એટલો તિવ્રતાથી વિરોધ કરો કે, લોકો સાચો મુદ્દો જ ભૂલી જાય! આવું કંઈક થઈ રહ્યું છે? કેમ માત્ર મુસલમાનોના અમુક નેતાઓ અને કહેવાતી સંસ્થાઓ દરેક મુદ્દે વિરોધ કરે છે? લઘુમતી પ્રજા માત્ર મુસ્લિમ પ્રજા જ નથી!! હકીકતમાં હવે ૨૦ ટકા ઉપર આ પ્રજાની વસ્તી છે તો તે લઘુમતીમાં ન આવે છતાં અન્ય પ્રજાની સરખામણીમાં કેમ આમને જ પેટમાં દુઃખે છે? આ પ્રજા કેમ ગેરમાર્ગે (ઝૌર્જ્ઞૈ) જલદી દોરવાઈ જાય છે? કે પછી સાક્ષરતાનો નીચો આંક જવાબદાર છે? મુસ્લિમોના નામે વિક્ટીમ કાર્ડ ખેલીને પોતાનો રાજકીય રોટલો શેકતા નેતાઓને ડર છે કે, પોતાની નીતિને અનુકૂળ નથી અને દુકાન બંધ થઈ ગઈ તો!*

*મુસ્લિમ પ્રજાએ જ જાગૃત થવાની જરૂર છે, ભારત-પાકિસ્તાનના ભાગલા ધર્મના આધારે થયા અને જે મુસ્લિમોને ભારતમાં રહેવું હતું તે રહ્યાં. તો પછી ભારતના કેમ થતા નથી? અહીં શું વાંધો છે? મૌલવીઓની કોઈ ફરજ નથી કે, સાચું માર્ગદર્શન આપે? ભારત દેશ તમામ પ્રજાનો, તમામ ધર્મમાં માનનારા લોકોનો છે. ભારત જેટલી સ્વતંત્રતા અને મોકળાશ અન્ય કોઈ દેશમાં છે ખરી? બંધારણે આપેલી આઝાદીના નામે દેશને ફોલી ખાવાનો? સીએએ જેવા કાનૂન તેમનું રક્ષણ કરે છે. ક્યાંય તેમના હિતનું, તેમની નાગરિકતાનું હનન નથી કરતો અને છતાંય વિરોધ કરવાનો? સુપ્રીમ કોર્ટ પણ ચૂપ છે. શાહીનબાગ વિસ્તાર, હાઈવે આંદોલનના નામે મહિનાઓ સુધી બંધ રહ્યો તે સુપ્રીમ કોર્ટને કેમ ન દેખાયો? તાજેતરમાં કોર્ટના આદેશનું જ પાલન કરવા માટે, બિનઅધિકૃત દબાણો હટાવવા ગયેલી ટીમને રોકવા કેમ તાત્કાલિક આદેશથી સ્ટે અપાયો? પહેલા કોર્ટ આદેશ કરે અને પછી એ જ કોર્ટ સ્ટે આપી દે, એવું કેવું? શું સુપ્રીમ કોર્ટ પાસે સમય છે કે તે આવા કાર્ય માટે બ્રિન્દ્રા કરાત જેવી તકવાદી નેતાને સાંભળે અને સ્ટે આપે? સુપ્રીમ કોર્ટે કેમ ન જણાવ્યું કે, પહેલાં સ્થાનિક કોર્ટ પાસે જાઓ?*

*ગત સપ્તાહ સુધી જ્ઞાનવાપી મસ્જિદનો મામલો ગરમાયેલો હતો. કોર્ટના આદેશથી જ સર્વે કરવાનો હુકમ અપાયો હતો. છતાં અહીં પણ પ્રથમ દિવસે તો સર્વે કરવા ગયેલી ટીમ વિરોધના કારણે સર્વે કરી જ ના શકી! તો આ બાબતે કોર્ટ કડક કેમ ના થઈ? કોર્ટે કમિશનર નીમ્યા, તો કમિશનરનો વિરોધ! અરે ભાઈ સંવિધાન, સંવિધાન કરો છો તો આ કાર્યવાહી પણ સંવિધાનને આધારે થઈ રહી છે. સુપ્રીમકોર્ટ કેમ સંજ્ઞાન લેતુ નથી કે, હમણાં જ્યાં સુધી ફેંસલો ન આવે ત્યાં સુધી ફરજિયાતપણે કોઈ ટિપ્પણી કરવી નહીં. અસદુદ્દીન ઔવેસી જેવા ઓછી માનસિકતાવાળા અને અન્ય નેતાઓ કહે છે કે, બાબરી ખોઈ છે હવે બીજી મસ્જિદ ખોઈશું નહીં. આ લોકો તો કોર્ટના આદેશને જ માનવા તૈયાર નથી. એક બાજુ બંધારણ પ્રમાણે દેશ ચાલવો જોઈએ તેવી વાતો અને બીજી બાજુ પોતાના પગ નીચે રેલો આવે તો અમે કોઈ કાયદા માનીશું નહીં. વાહ!! તો શું દેશને ક્યા કાનૂન પ્રમાણે ચલાવવો છે?*

# ઋષિ વિશ્વામિત્રનું જીવનચરીત્ર



કાન્યકુબ્જ રાજ્યના ગાધિરાજાના પુત્ર ઋષિ વિશ્વામિત્ર હતા.ક્ષત્રિય વંશમાં ઉત્પન્ન થઈ પોતાના તપોબળથી તેણે બ્રાહ્મણત્વ પ્રાપ્ત કર્યું હતું.ગાધિરાજાને સંતાન ન હતું તેથી તે સોમયજ્ઞ કરે છે તેના ફળસ્વરૂપે તેમને ત્યાં એક દિકરીનો જન્મ થાય છે.તેનું નામ સત્યવતી.આ કન્યા સદગુણોનો ભંડાર, અતિસુંદર,ચાલાક અને હોંશિયાર હોવાછતાં તેનામાં અભિમાન ન હતું.

એકવાર સત્યવતી જંગલમાં ફરતી હતી તે સમયે તેની મુલાકાત યુવાન અને તપસ્વી ઋચિક સાથે થાય છે.ઋચિકે જ્યારે સૌંદર્યની મૂર્તિ સત્યવતીને જોઇ ત્યારે તેઓ સત્યવતી તરફ આકર્ષિત થાય છે. પૂર્વજન્મોના ઋણાનુબંધથી જ આપણે બધા એકબીજાને મળતા હોઇએ છીએ.

ઋચિકને સત્યવતી ગમી જાય છે અને સત્યવતીને ઋચિક ગમી જાય છે તેથી ઋચિક લગ્નની વાત લઇને ગાધિરાજા પાસે આવી સત્યવતીના હાથની માંગણી કરે છે.ગાધિરાજા ઋચિકની માંગણીનો સ્વીકાર કરવા માંગતા નહોતા તેથી એક અશક્ય શરત મુકે છે કે જો તમે એક હજાર શ્યામકર્ણવાળા ઘોડાઓ લાવી આપો તો હું મારી દિકરીને તમારી સાથે પરણાવીશ.

ઋચિક ગંગામાતા પાસેથી એક હજાર શ્યામકર્ણવાળા ઘોડાઓ લાવ્યા.તેનો અર્થ એ થાય કે ઋચિકે ગંગા નદીના કિનારે આવેલા વિસ્તારમાં જ્ઞાન-ભક્તિનો એટલો બધો પ્રચાર પ્રસાર કરી લોકોના દિલ જીતી લીધા કે તેમની ઈચ્છા પૂર્ણ કરવા લોકોએ એક હજાર શ્યામકર્ણના ઘોડાઓ ભેગા કરી આપે છે.ઋચિક એક હજાર શ્યામકર્ણ ઘોડાઓ લઈને ગાધિરાજા પાસે આવે છે એટલે શરત મુજબ સત્યવતીના લગ્ન ઋચિક સાથે કરવામાં આવે છે.

“તમામ લોકો લગ્ન કરીને સાંસારીક સુખ ભોગવતા હોય છે પરંતુ ઋચિક લગ્ન પછી પણ પોતાની પત્ની સત્યવતીને સાથે રાખીને પ્રભુ ભક્તિ અને તપમાં લાગેલા રહે છે.એકવાર સત્યવતી કહે છે કે મારે સાંસારીક સુખ ભોગવવું છે ત્યારે ઋચિક કહે છે તમે સુંદરતાની મૂર્તિ છો,તમારૂં રૂપ જોઇને હું ગાંડો થયો હતો.હું સૌંદર્યનો ઉપાસક છું ભક્ષક નથી.ત્યારે સત્યવતી વિનંતી કરે છે કે મનુષ્ય જીવન એકલા ભોગ માટે નહી પરંતુ પરમાત્માના યોગ માટે છે એ હું સમજું છું પરંતુ મને એક સંતાન થાય એવી ઈચ્છા છે જે આપ પુરી કરો અને આખરે ઋચિક પત્નીની ઈચ્છા પુરી કરવા તૈયાર થઇ જાય છે.”

એકવાર સત્યવતી પોતાના પિયર જાય છે અને માતાને કહે છે કે મારે પતિ સાથે કોઈપણ પ્રકારના મતભેદ નથી.મારા પતિએ મને એક પૂત્રરત્ન થાય તે માટે રાજી થઈ ગયા છે.ત્યારે સત્યવતીની માતા કહે છે કે તારા પતિ ઘણાજ પ્રભાવશાળી તપસ્વી છે અને તારે પણ ભાઈ નથી તેથી મારા માટે પણ આર્શિવાદ માંગી લેજે.

સત્યવતી પતિ સમક્ષ પ્રસ્તાવ મુકે છે કે મારે ભાઇ નથી.તમે મને જેમ એક અપત્ય આપવાના છો તેમ મારી માતાને પણ એક અપત્ય આપવાની કૃપા કરજો.ગાધિરાજા ક્ષત્રિય હતા અને ઋચિક બ્રાહ્મણ હતા તેથી ઋચિકે પોતાનો દિકરો બ્રહ્મતેજવાળો બને સત્યવતીની માતાનો દિકરો ક્ષત્રિયતેજવાળો બને તે માટે ઋચિકે પોતાના તપ અને મંત્રશક્તિના પ્રભાવથી બે ચરૂ(ભાતના ગોળા) બનાવ્યા.

બંને ચરૂ લઈને સત્યવતી પોતાની માતા પાસે આવે છે ત્યારે તેમની માતાના મનમાં વિચાર આવે છે કે સત્યવતીના પતિને એના ઉપર ઘણો જ પ્રેમ છે તેથી તેઓને મહાન પ્રભાવી દિકરો થાય એવો ચરૂ સત્યવતી માટે તૈયાર કર્યો હશે અને મારા માટે જે ચરૂ બનાવ્યો છે તેમાં જોઈએ એટલો પ્રભાવ હશે નહી. આવી શંકાના કારણે સત્યવતીના માટે તૈયાર કરેલ ચરૂ પોતે ખાય છે અને પોતાના માટે તૈયાર કરેલ ચરૂ સત્યવતીને ખવડાવે છે.

આમ ચરૂ ઉલટ-સુલટ થઇ જવાથી ગાધિરાજાને ત્યાં બ્રહ્મતેજવાળા ક્ષત્રિય સ્વભાવના જન્મ્યા તે વિશ્વામિત્ર અને બ્રાહ્મણ ઋચિક અને સત્યવતીનું સંતાન જમદગ્નિ ક્ષત્રિય તેજવાળા જન્મે છે.વિશ્વામિત્ર અને જમદગ્નિ મામા-ભાણેજ થાય.

વિશ્વામિત્ર બાળપણથી ખુબ જ હોંશિયાર હતા.થોડા સમયમાં જ તેઓએ તમામ પ્રકારની વિદ્યા પ્રાપ્ત કરી લીધી.એકવાર આ વિશ્વામિત્ર સૈન્ય સહિત મૃગયા રમવા નીકળ્યા.શિકાર કરતાં કરતાં તે પોતાની સરહદ ઓળંગીને વશિષ્ટના આશ્રમમાં જાય છે.વસિષ્ઠ ઋષિએ ખુબ આગ્રહ કરીને બે દિવસ પોતાના આશ્રમમાં રોકાઇ જવા વિનંતી કરે છે.ત્યારે વિશ્વામિત્ર કહે છે કે હું એકલો નથી મારી સાથે મારી આખી સેના છે.વશિષ્ટ ઋષિએ પોતાની નંદિની નામની કામધેનુની મદદથી રાજા તથા સાથે આવેલ તમામનો આદર સત્કાર અને તમામના ભોજનની વ્યવસ્થા કરી.

મનમાં જે ઈચ્છા કરીએ તે તુરંત પુરી કરે તેને કામધેનુ કહેવાય છે.વિશ્વામિત્ર આ કામધેનુની માંગણી કરે છે અને આ કામધેનુના બદલામાં અનેક ગાયો અને અડધુ રાજ્ય આપવા આપવાનું કહે છે છતાં વશિષ્ટ કામધેનુ આપવા તૈયાર થતા નથી.વશિષ્ઠઋષિની ના છતાં બળજબરીથી તેમની કામધેનું ગાય વિશ્વામિત્ર લઈ જવા તૈયાર થયા.તે સમયે કામધેનુ નંદિની ગાયમાંથી અસંખ્ય પુરૂષો પ્રગટ થયા અને તેમણે વિશ્વામિત્રના તમામ સૈન્યનો નાશ કર્યો અને રાજા લજ્જા પામી પોતાને નગર પાછા આવ્યા.

ક્ષત્રિયબળ કરતાં બ્રહ્મતેજનું પરાક્રમ ચડિયાતું છે એમ તેમને ખાતરી થવાથી તેણે હજારો વર્ષ તપ કર્યું. તે તપના પ્રભાવથી દેવોએ વિશ્વામિત્રને બ્રહ્મર્ષિની પદવી આપી પરંતુ વસિષ્ઠમુનિ તો તેમને રાજર્ષિ કહીને બોલાવતા.આથી વિશ્વામિત્રે વેર રાખી વસિષ્ઠઋષિના સો પુત્રોને મરાવી નાખ્યા અને તેમને પણ મારી નાખવા તૈયાર થયા.

વિશ્વામિત્ર ક્ષત્રિય હતા એટલે રાજર્ષિ કહેવાતા પણ વિશ્વામિત્રનું કહેવાનું હતું કે મને પણ બ્રહ્મર્ષિની કક્ષામાં મુકો.ઋષિ કહેવડાવવું એ કંઈ બ્રાહ્મણોનો ઈજારો નથી.ગુરૂ વસિષ્ઠ તેમનો વિરોધ કરતા, સાથે સાથે એવું પણ કહેતા કે ખુબ આકરી તપસ્યા કરવાથી બ્રહ્મર્ષિ થઇ શકાય છે.એક રાત્રે વિશ્વામિત્રનું લોહી ઉકળી ઉઠ્યું એમણે ગુરૂ વસિષ્ઠને મારી નાખવાનો પ્લાન બનાવ્યો અને પૂનમની ચાંદની રાત્રે ગુરૂ વસિષ્ઠના આશ્રમે પહોંચી ગયા અને વસિષ્ઠને મારી નાખવાનો લાગ જોતા સંતાઈને ઉભા રહ્યા, આ વખતે ગુરૂ વસિષ્ઠ પોતાની પત્ની અરૂંધતી સાથે વાતોમાં વ્યસ્ત હતા.આ વખતે પુનમના ચંદ્રની ચાંદની જોઈ અરૂંધતીએ પોતાના પતિ ગુરૂ વસિષ્ઠને પૂછ્યું કે આવું શુદ્ધ નિર્મળ તપ કોનું હશે? ત્યારે ગુરૂ વસિષ્ઠ બોલ્યા આવું તપ તો મહર્ષિ વિશ્વામિત્ર સિવાય બીજા કોનું હોય શકે? આવાં ગુરૂ વસિષ્ઠનાં વચનો સાંભળી વિશ્વામિત્રનો ક્રોધ એકદમ ઓગળી ગયો અને તેઓ વસિષ્ઠ જ્યાં બેઠા હતા ત્યાં ગયા. ઋષિ વિશ્વામિત્રને જોઈ ગુરૂ વસિષ્ઠ બોલ્યા કે પધારો બ્રહ્મર્ષિ.. મીઠા વચનો ક્રોધાવેશ ઓગળી દે છે.વશિષ્ઠજીને મારવા આવેલ વિશ્વામિત્ર વસિષ્ઠને પગે પડીને તેમની માફી માંગે છે.જ્યારે વિશ્વામિત્રને નિરાભિમાન જોયા ત્યારે વસિષ્ઠે વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ કહીને બોલાવ્યા ત્યારથી તે બંને વચ્ચે ગાઢ સ્નેહ બંધાયો.

વિશ્વામિત્રના તપનો પ્રભાવ જોઈને ઈન્દ્રને ડર લાગે છે.ઈન્દ્રે સ્વર્ગની સૌથી સુંદર અપ્સરા મેનકાને ધરતી પર જવા આદેશ આપ્યો.ઈન્દ્રને વિશ્વાસ હતો કે વિશ્વામિત્ર મેનકાની સુંદરતામાં એટલા મોહક થઈ જશે કે પોતાની તપસ્યા છોડી દેશે. આખરે મેનકાની સુંદરતા જોઈને તેઓ મેનકા તરફ આકર્ષિત થયા અને તપસ્યામાંથી ઊભા થઈ ગયા.વિશ્વામિત્રના હૃદયમાં મેનકા માટે પ્રેમના અંકુર ફૂટ્યા.અપ્સરા મેનકા જે યોજના સાથે આવી હતી તે કામમાં સફળ થઈ.ઋષિની તપસ્યા ભંગ થઈ તેના મનમાં વિશ્વામિત્ર પ્રત્યે પ્રેમનો અનુભવ થયો.મેનકાને વિશ્વામિત્રના ક્રોધનો ડર હતો. થોડા સમય બાદ બંનેએ લગ્ન કરી લીધાં. મેનકાને ડર હતો કે જો વિશ્વામિત્રનો સાથ છોડીને જતી રહેશે તો તે ફરીથી તપસ્યામાં બેસી જશે. તેમની સાથે ગૃહસ્થ આશ્રમ વિતાવ્યાનાં કેટલાંક વર્ષો બાદ મેનકાએ એક પુત્રીને જન્મ આપ્યો.હવે સન્યાસી વિશ્વામિત્ર સંપૂર્ણપણે સંસારી બની ચૂક્યા હતા.

એક દિવસ મેનકા પોતાની નાની પુત્રી સાથે રમી રહી હતી ત્યારે ઈન્દ્ર પ્રકટ થયા અને તેમણે મેનકાને યાદ અપાવ્યું કે તે કોઈ સાધારણ સ્ત્રી નથી પણ સ્વર્ગની અપ્સરા છે.હવે ધરતી તમારૂં કામ પૂરૂં થઈ ચૂક્યું છે.મેનકાએ ત્યાર બાદ ઋષિ વિશ્વામિત્રને જણાવ્યું કે તે સ્વર્ગલોકની અપ્સરા છે અને તેમની તપસ્યા ભંગ કરવા માટે દેવતાઓએ તેને ધરતી પર મોકલી હતી.આ સાંભળી વિશ્વામિત્ર ખૂબ જ દુઃખી થયા હતા.મેનકાએ પોતાની પુત્રીને ત્યાં જ જંગલમાં એકલી છોડી વિદાય લીધી.જંગલમાં શંકુતા નામના પક્ષીઓ આ બાળકીની રક્ષા કરે છે.એકવાર કણ્વઋષિ પોતાના શિષ્યો સાથે સ્નાન કરવા જાય છે ત્યારે અનેક પક્ષીઓથી ઘેરાયેલી બાળકીને જુવે છે.ઋષિ બાળકીને પોતાના આશ્રમમાં લઇ જાય છે.શંકુતા નામના પક્ષીઓએ તેની રક્ષા કરી હતી તેથી તેનું નામ શકુંતલા રાખવામાં આવે છે.

શકુંતલા ઉંમરલાયક થતાં હસ્તિનાપુરના રાજા દુષ્યંત સાથે તેનું ગંધર્વ વિધિથી લગ્ન થાય છે. બંન્નેના દામ્પત્ય જીવનથી પૂત્રરત્ન જન્મે છે જેનું નામ ભરત રાખવામાં આવે છે.આ ભરતના નામ ઉપરથી આપણા દેશનું નામ ભારત પડ્યું છે.


વિનોદભાઇ માછી નિરંકારી

નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ

૯૭૨૬૧૬૬૦૭૫(મો)


## મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજના અંતર્ગત વર્ષ-૨૦૨૧-૨૨ દરમ્યાન ડાંગ જિલ્લાના ૪૬ ખેડુતોને અપાઈ સહાય

આહવાઃ તાઃ ૧૩: મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજના અંતર્ગત ડાંગ જિલ્લામા વર્ષ-૨૦૨૧-૨૨ મા કુલ ૭૪૦ લાભાર્થીઓ દ્વારા લાભ લેવા માટે, આઈ.ખેડુત પોર્ટલ ઉપર ઓનલાઈન અરજીઓ મળી હતી. જે પૈકી કુલ ૭૨૮ પાત્રતા ધરાવતી અરજીઓને, પાક સંગ્રહ સ્ટ્રકચર (ગોડાઉન) બનાવવા માટે, ખેતીવાડી વિભાગ મારફત પુર્વમંજુરી આપવામા આવી હતી.

જે પૈકી ૪૬ ખેડુતોએ ગોડાઉન તૈયાર કરી સહાય મેળવવા માટે દરખાસ્ત કરતા, આ તમામ ૪૬ ખેડુતોને, બેંક એકાઉન્ટમા રૂ. ૫૦ હજાર લેખે સહાયની રકમ જમા કરવામા આવી છે.

આમ, સમય મર્યાદામા રજુ થયેલ દરખાસ્તોના તમામ ખેડુતોને રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાય ચુકવવામા આવી છે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી, ડાંગની એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

નરેન્દ્ર પવાર,ડાંગ જિલ્લા સમાચાર

### મકાન અને માર્ગ વિભાગ પંચાયત લુણાવાડા જીલ્લો મહીસાગર ના કામદારને

## ગુજરાત હાઈકોર્ટ દ્વારા નિવૃત્તિ બાદના તમામ લાભો ચૂકવી આપવા આખરી આદેશ કામદાર પરિવારમાં રાહત લાગણી

મકાન અને માર્ગ વિભાગ પંચાયત લુણાવાડા ખાતેની કચેરીમાં તારીખ ૧૩/૪/૮૧ રોજમદાર મજૂર તરીકે ફરજ બજાર ડામોર લાલુભાઇ તીતાભાઈ તેઓની નોકરી ના સરસા દરમિયાન નિયમિત નોકરી કરી પ્રત્યેક વર્ષોમાં ૨૪૦ દિવસ ની નોકરી પાંચ વર્ષ પૂર્ણ થતા અરજદારની સરકારશ્રીના તારીખ૧૭/૧૦/૮૮ ના લાભો આપવામાં આવેલ અને ત્યારબાદ વખતોવખત મળવાપાત્ર પગાર અને ઈજાફા પણ આપવામાં આવતા હતા સરકારશ્રીના નિયત કરેલ નિયમોનુસાર તેઓની ઉંમર ૬૦ વર્ષની પૂર્ણ થતા તારીખ ૩૧/૩/૦૫ ના રોજ નિવૃત કરવામાં આવ્યો નિવૃત્તિ સમયે તેમને મળવાપાત્ર પેન્શન તથા અન્ય લાભો ચૂકવવામાં આવેલ ન હતા પરંતુ તેમની રોજમદાર તરીકે ની દસ વર્ષથી નોકરી બાદ કરી અધૂરી અને અપૂરતી ગ્રેજ્યુટી ચૂકવી પેન્શન યોજનાના લાભથી વંચિત રાખેલ જેને લઈ કામદારે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ અંબાલાલ એસ. સંપર્ક કરી એ લાભ મેળવવા લાગતા વળગતા સરકારી અધિકારીઓને નોટિસ પાઠવી જે નોટિસનો સમય મર્યાદામાં સરકારશ્રી તરફથી કોઈ પ્રત્યુતર ન મળતા ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન નામદાર ગુજરાત હાઈકોર્ટ માં એડવોકેટ શ્રી દીપક દવે મારફતે એસી એ નંબર ૧૧૫૧/૨૨ દાખલ કરેલ અરજદાર તરફથી આ કામ ને લગતા તમામ પ્રકાર ના દસ્તાવેજો અદાલત સમક્ષ રજૂ કરી અરજદારને નિવૃત્તિ બાદ મળવાપાત્ર પેન્શન ગ્રેજ્યુટી ૩૦૦ રજાઓ તમામ પ્રકારના અન્ય લાભો ચૂકવી આપવા નામદાર અદાલત સમક્ષ અરજદાર તરફે એડવોકેટ ડી આર દવે એ દલીલો કરતા બંને પક્ષકારોની દલીલો સાંભળી ન્યાયમૂર્તિ શ્રી બીરેન વૈષ્ણવ સાહેબે કેસ માં પડેલા પુરાવા આધારિત અરજદારને રોજમદાર તરીકેની સળંગ નોકરી ગણી નિવૃત્તિની તારીખ થી પેન્શન ચૂકવવું તથા પેન્શન તફાવતની રકમ ઉપરાંત ગ્રેજ્યુટી ની પૂરેપૂરી રકમ ચૂકવી આપવા આપવાનો આખરી આદેશ કરવામાં આવતા ગરીબ અને આદિવાસી વિસ્તારમાં પરિવારમાં રાહત અને આનંદની લાગણી પ્રવર્તી છે નિવૃત્તિ બાદ અરજદાર તેમના પરિવાર સાથે પેન્શન મેળવી પોતાનું જીવન નિર્વાહ કરશે.

## ડો.ગુરૂદત્ત ઠક્કરની ગઝલ 'છે'નો આસ્વાદ

હવાઓ બાંધવાની છે, અગનને ઠારવાના છે.
હવે મહેમાન જેવાં માવઠાં ઓવારવાના છે.
હૃદય ઉઠતા બધા કેકારવો એકાંતમાં પરખી,
ઘણાયે દુન્યવી કર્કશ અવાજો મારવાના છે.
સુગંધો મુઠ્ઠીમાં લઈને, સંબંધો ચિઠ્ઠીમાં લઈને,
બધા એળે ગયેલા અક્ષરોને તારવાના છે.
ઉભરતા ઉર્મિના ઉભરા અનાયાસે અટારીમાં,
ઉજાગર શબ્દને કાગળ ઉપર બસ ધારવાના છે.
લઈને ટાંકણું કોમળ હૃદયના પથ્થરો પર,
હવે તારે જ આ શિલ્પો સતત આકારવાના છે.

ગુરુદત્ત ઠક્કર

ગુજરાતી સાહિત્યમાં શબ્દ અભ્યાસુ અર્થાત પ્રાધ્યાપક ગઝલશિલ્પી લાગણીના

ટાંકણે ભલે શિલ્પસ્થ થતાં હોય, પરંતુ જ્યારે કોઈ તબીબ શિલ્પી હૃદયના કોમળ પત્થરોને ટાંકી ભાવાકારી થાય, ત્યારે જે

મોસમ લહેરાય એનો નક્કર ઉલ્લાસ ઉપરોક્ત ગઝલશિલ્પી ડો.ગુરુદત્ત ઠક્કરની ગઝલમાં ઝળહળતો જણાય છે.

હવાઓ બાંધવાની છે, અગનને ઠારવાના છે.
હવે મહેમાન જેવાં માવઠાં ઓવારવાના છે.

‘છે‘ રદીફમાં ઉદ્દેશબોધનો સંકલ્પ જ આ કવિનું આત્મબળ છે .અગન અને હવાના પ્રતીક વડે એ માનવીય વાતાવરણમાં ફેલાતા ક્રોધાગ્નિ કે વિરોધાગ્નિને ઠારી, કંઈ નહીં તો ચોધાર આંસુને સ્થાને ક્ષણિક ભાવાવેગમાં આદ્ર થઈ વરસી પડતાં માવઠાં રૂપી આંસૂના ય ઓવારણાં કરી, ધન્યતાની ઘડી માણવા કાજે એ ઈજન દે છે.

મૂળ તો હૃદયની ક્ષિતિજ પર જ આસન જમાવી ઉર્મિના કેકારવોને પ્રતિસાદિત કરતા આ શાયર, દુન્યવી કર્કશ વાણીશૈલીથી વિમુખ થવાની કળ નિમ્ન શેરમાં કોઈ ઋષિના ઋચામંત્ર સમ આપણને દે છે.

હૃદય ઉઠતા બધા કેકારવો એકાંતમાં પરખી,
ઘણાયે દુન્યવી કર્કશ અવાજો મારવાના છે.

હૃદયનિવાસેથી કલરવી ઉઠતા નાદ વિશેની સભાનતા આજની દુનિયાએ એ હદે ગુમાવી દીધી છે કે આપણો વાણીવ્યવહાર

હવે બપોરી કાગનો જ નાદધ્વનિ થઈ ગયો છે .એ વિશે આ બે ઉર્દૂ શેર પેશે ખિદમત છે.

આવાજોં કે જંગલ મેં ખામોશ સદા ના ઢૂંઢો તુમ.
જિસમેં જિતને પેડ લગે હૈં ઉતને પંખી બોલેંગે.

સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ×ગુરૂ×

યે મકાનોં કા એક જંગલ હૈ.
ઈન મકાનોં મેં ઘર નહીં હોતે.

રિષભ મહેતા

આધુનિક જીવનશૈલીએ તો પત્રાલેખનને ક્યારનોય હાથવટો દઈ દીધો છે. જે કલમ દ્વારા ટેરવેથી અંકિત શબ્દ સૌરભની અનુભૂતિ વાચકને થતી એ કલમ સ્વયં હવે ગાયબ થતાં આ શાયર હચમચી ગયાં છે. એથી જ એમનાં જીવંત હૃદયસ્થાનેથી મુઠ્ઠી અને ચિઠ્ઠી જેવા સમધ્વનિ નિપજાવતા પ્રાસ ઉદભવી આ શેરમાં ચીતરાયા છે.જે

એળે ગયેલ તમામ અક્ષરોને તારવા જ મથી પડ્યા છે..શેર જોઈએ.

સુગંધો મુઠ્ઠીમાં લઈને,સંબંધો ચિઠ્ઠીમાં લઈને,
બધા એળે ગયેલા અક્ષરોને તારવાના છે.

કાફિયામાં જ રકાર ધ્વનિબધ્ધ વિહરતા શાયર ચોથા શેરમાં આગવા અલંકારવૈભવે

આપણને અજંપિત કરે છે. પહેલા મિસરામાં ‘ઉ‘ અને ‘અ‘ના વર્ણાનુપ્રાસે વણાતો શેર બીજા મિસરાના પ્રથમ શબ્દ ઉજાગરમાં જ આપણા સમસ્ત ચૈતન્યને

ઉજાગર કરતો ન હોય, એવી અનુભૂતિ કરાવે છે.. એ પ્રવાહિત શેર પર દ્રષ્ટિપાત કરીએ .

ઉભરતા ઉર્મિના ઉભરા અનાયાસે અટારીમાં,
ઉજાગર શબ્દને કાગળ ઉપર બસ ધારવાના છે.

ગીત પંક્તિઓ સમ વહી જતો આ લગાગાગાના ચાર આવર્તનવાળો શેર ખરે જ ઉર્મિની અટારી અર્થાત હૃદયની ક્ષિતિજ પર અનાયાસ શબ્દ અવતરણ કરી આપણને જગાડી રહ્યો છે.

અંતિમ શેર, ‘હવે તારે જ‘ ના સંવાદમાં

હું તું તમે બધાયને એકસાથે સાંકળી

હૃદયના કોમળ શિલ્પી થવા આહવાન આપી રહ્યો છે..અહી ‘હૃદયના કોમળ પત્થરો પર‘ વિધાનમાં શાયર હૃદયને ય શિલ્પ કાજે પથ્થરવત અર્થાત શૈલવત કરી

આપણને રામના ચરણસ્પર્શ જેવાં ટાંકણાં

વડે જ લાગણીની જીવંત અહલ્યાને પુનઃ અવતારિત કરવા કાજે, ઈજન પાઠવે છે.

અમદાવાદ નિવાસી રેડિયોલોજીસ્ટ ડો.ગુરુદત્ત ઠક્કર કે જેઓ વિશ્વખ્યાત સર્જક ડો.નવનીત ઠક્કરના જ અનુવંશ છે.

એ ટુંક સમયમાં જ એમના પ્રથમ ગઝલ સંગ્રહ ‘હૃદયની ક્ષિતિજ પર‘ માં ઉદઘાટિત થવા જઈ રહયાં છે. આપણે સૌ અભિનંદન પાઠવીએ.

સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ×ગુરૂ

### ભારત અમેરિકાનો મજબૂત મિત્ર છે. બહેતર વિશ્વ માટે સાથે મળીને કામ કરીશું - રાષ્ટ્રપતિ જો બિડેનજી


# જૈન આચાર્ય ડૉ.લોકેશજી યુએસ પ્રમુખ જો બિડેનજીને મળ્યા અને તેમને વર્ડ પીસ સેન્ટરના ઉદ્ઘાટન માટે આમંત્રણ આપ્યું



અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક અને પ્રસિદ્ધ જૈન આચાર્ય ડૉ. લોકેશજી લોસ એન્જલસમાં યુએસ પ્રમુખ જો બિડેનજીને મળ્યા હતા અને તેમના નેતૃત્વમાં આવતા વર્ષે ભારતમાં બની રહેલા વિશ્વ શાંતિ કેન્દ્રના ઉદ્ઘાટન સમારોહમાં આમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું કે ભગવાન મહાવીરના સિદ્ધાંતો પર નિર્માણ થનારા આ કેન્દ્રમાં અહિંસા તાલીમ અને શાંતિ શિક્ષણના કાર્યક્રમો વિશ્વમાં અહિંસા શાંતિ અને સૌહાર્દ સ્થાપિત કરવામાં મદદરૂપ થશે. અને અમેરિકામાં બંદૂકની હિંસા જેવી ઘટનાઓને રોકવામાં પણ અસરકારક સાબિત થશે. કોરોનાના સમયગાળા દરમિયાન મધ્યમ વર્ગની વિશેષ સહાય માટે અમેરિકી રાષ્ટ્રપતિની પ્રશંસા કરતા જૈન આચાર્ય લોકેશજી એ કહ્યું કે અમેરિકા અને ભારત સાથે મળીને હિંસા, આતંક અને ગરીબી સામે વિશ્વને વધુ સારું બનાવી શકે છે. જૈન આચાર્ય લોકેશજીએ રાષ્ટ્રપતિ ભવનમાં “ક્ષમા દિવસ” આયોજન કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનજી એ ભગવાન મહાવીરના અહિંસા શાંતિના સિદ્ધાંતોને વિશ્વ માટે ઉપયોગી ગણાવ્યા. રાષ્ટ્રપતિએ કહ્યું કે અમેરિકા અને ભારત મજબૂત મિત્રો છે, અમે વિશ્વના ભલા માટે સાથે મળીને કામ કરીશું. જૈન આચાર્ય લોકેશજીએ પ્રમુખ જો બિડેનજીને, અહિંસા વિશ્વ ભારતી દ્વારા હાથ ધરાયેલા માનવતાવાદી કાર્ય વિશે માહિતી આપી હતી.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ






NOG SS No : 0013
વિષય : આવ રે વરસાદ
પ્રકાર : પદ્ય
શીર્ષક :
મેહુલિયાના લેખા જોખા

વરસાદી માહોલ
આવને બાજુમાં બેસને,
જોને કેવો વરસાદી
માહોલ જામ્યો છે.
આ પોપટ કેવો
વરસાદમાં ઉડે છે,
તું પણ આવને,
આપણે પણ ઉડીયે.
આ ભૂલકાઓ પાણીમાં
કેવા છબછબીયા કરે છે
પ્લીઝ આવને,આપણે
પણ છબછબીયા કરીયે.
આ મેંઢક કેવો ડ્રાંઉં
ડ્રાંઉં કરીને બોલાવે છે.
મારું ડ્રાંઉં નથી સંભળાતું?
તું પણ હવે આવી જાને.
ચાલ વરસાદમાં આજે
તો બસ નીકળી જ જઈએ
એકબીજા ની સંગ આજે
સાવ ભીંજાઈ જોઈએ.
બસ આજે આ ધોધમાર
વરસાદમાં, તારી અંગડાઇ
સાથે તારી તન્હાઈ ને
પણ માણવી છે.
અરે મેહુલિયા
બસ બસ
તું વધારે નહીં પડતો.
જોને આ ઝૂંપડાની તિરાડમાંથી
કેવું પાણી નીતરે છે.
બિચારા લોકોને ખાવા - પીવાને સુવા નથી મળતું.
ઘરવખરી પણ તું કેવી
જબરદસ્તી કરીને ઝૂંપડા
સાથે તાણી જાય છે.
અરે અરે અમારી ગાડીઓ
પણ તું વગર ચાવી એ તાણી જાય છે ?
કેવો વિઘનસંતોષી છે ?

ઘનશ્યામ વ્યાસ.

---

NOG:SS:NO.:0101
વિષયઃ આવ રે વરસાદ
પ્રકાર : પદ્ય
શીર્ષક : અષાઢની હેલી
રચના : ભરત સાંગાણી

અષાઢની હેલીનો ઘેઘૂર નાદ,
રણઝણે સ્મૃતિ કેરો આહ્લાદ!
આનંદે ભીંજાયે મૂકી બધા વાદ,
પલળતાં કરીએ વ્હાલાને સાદ!
ઊંડે સુગંધકણ પડે વરસાદ,
અધર અધરનું મિલન યાદ!
નયનઅટારીએથી સર્યું બૂંદ,
હળવે તર્જનીએ ઝીલ્યું આબાદ!
હેતના હિલોળા ઊમટ્યાનો નાદ,
તરબતર સ્નેહે બાંધ્યો સંવાદ!

રચનાઃ ભરત સાંગાણી

## વિધ્વંસ કરેલા મંદિરોના પુનર્નિર્માણ માટે દેશવ્યાપી અભિયાન !
# ગોવા ખાતેનાં વિધ્વંસિત મંદિરો વિશે ન્યાયાલયીન લડાઈ માટે પુરાવા આપવાનું આવાહન !




बाऍंसे अधिवक्ता मदन मोहन यादव, श्री. सुभाष वेलिंगकर, अधिवक्ता विष्णु शंकर जैन, श्री. रमेश शिंदे एवं श्री. जयेश थळी

દેશસ્તર પર રામમંદિર, કાશી, મથુરા, કુતુબમિનાર, તાજમહેલ અને ભોજશાળા જ નહીં, જ્યારે હજારો મંદિરો મુગલ, પોર્ટુગીઝ આદિ આક્રમકોએ તોડી પાડ્યા છે. ભારત સ?વતંત્ર થયો; પણ હિંદુઓનાં પ્રાચીન ધાર્મિકસ્થળો પરકીય દાસત્વમાં તેમજ રહ્યાં. તેથી આક્રમકોએ વિધ્વંસ કરેલાં મંદિરોની પુનર્નિર્મિતિ માટે દેશવ?યાપી અભિયાન ચલાવવાનો સંકલ્પ સમસ?ત મંદિર સંગઠનો, ભક્તો, પુરોહિતો અને હિંદુત્વનિષ્ઠ સંગઠનો વતી કરવામાં આવ્યો. તેમાં ગોવા ખાતે વિધ્વંસિત મંદિરો વિશે જો પુરાવા મળે, તો તે વિશે ન?યાયાલયીન લડાઈ લડવામાં આવશે, એવો નિર્ધાર ગોવા ખાતે દશમ 'અખિલ ભારતીય હિંદુ રાષ્ટ્ર અધિવેશન'ના દ્વિતીય દિવસે ધારાશાસ?ત્રીઓ દ્વારા કરવામાં આવ?યો. આ લડાઈ માટે ગોમંતકીય જનતાએ તેમની પાસે ઉપલબ?ધ રહેલા પુરાવા હિંદુ જનજાગૃતિ સમિતિને ઉપલબ્ધ કરાવી આપવાનું આવાહન પણ શ્રી રામનાથ દેવસ્થાનના વિદ્યાધિરાજ સભાગૃહમાં (ફોંડા, ગોવા) આયોજિત પત્રકાર પરિષદમાં કરવામાં આવ?યું.

આ સમયે વ્યાસપીઠ પર સર્વોચ્ચ ન્યાયાલયના ધારાશાસ?ત્રી વિષ્ણુ શંકર જૈન, વારાણસી ખાતેના ધારાશાસ્ત્રી મદન મોહન યાદવ, ગોવા ખાતેના 'ભારત માતા કી જય' સંગઠનના સંઘચાલક શ્રી. સુભાષ વેલિંગકર, 'ગોવા મંદિર મહાસંઘ'ના સચિવ શ્રી. જયેશ થળી અને હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદે ઉપસ?થિત હતા.

આ સમયે ધારાશાસ્ત્રી વિષ?ણુ જૈને કહ્યું કે, મંદિરોના પુનર્નિર્માણ કરવાના અભિયાનમાં આગળ જણાવ?યા પ્રમાણે સૂત્રો અમારા સંશોધનનો કેંદ્રબિંદુ રહેશે. તેમાં વિવાદિત સ્થળોનું પૌરાણિક મહત્ત્વ, નષ્ટ કરી હોવાની ઐતિહાસિક સાક્ષ (પુરાવો), ખટલાનો ઈતિહાસ, પુરાવા અને કાયદેસર આધાર, આદિનો અભ્યાસ કરવામાં આવશે. સંશોધન અંતે જો મંદિર પાડી દીધું હોવાનું સિદ્ધ થાય, તો તેમનાં માટે અમે ન્યાયાલયીન લડાઈ ચાલુ કરીશું. વર્તમાનમાં અનેક વિવાદિત સ્થળો પુરાતત્વ સર્વેક્ષણ જીર્ણોદ્ધાર ખાતાના નિયંત્રણ હેઠળ છે અને સદર ખાતું અધિનિયમ ૧૯૫૮ ધારા ૧૬ ના વિરોધમાં કૃતિ કરી રહ્યું છે. એક 'સાચો હિંદુ' આ સંબંધથી આવાં મંદિરોનું પુનર્નિર્માણ કરીને ભારતની સાંસ્કૃતિક પરંપરા પુનર્સ્થાપિત કરવાના સોગંધ લઈ રહ્યા છીએ.

આ સમયે 'ભારત માતા કી જય' સંગઠનના ગોવા રાજ્ય સંઘચાલક શ્રી. સુભાષ વેલિંગકરે કહ્યું કે, પોર્ટુગીઝના કાળમાં ૧ હજારથી વધુ મંદિરો ઉદ્ધવસ્ત કરવામાં આવ્યાં. તેમાંનાં બે મંદિરો ચર્ચના આક્રમણ સામે બચી ગયા છે અને તેમાંનું એક વરેણ?યપુરી (વેર્ણા) ખાતેનું અને બીજું શ્રી વિજયાદુર્ગા દેવીનું મંદિર છે. આ મંદિર રાજ્ય પુરાતત્વ વિભાગ અંતર્ગત સંરક્ષિત તરીકે ઘોષિત કરેલું હોવા છતાં પણ આ મંદિરની ભૂમિનો કોળિયો કરી જવાનું ષડ્યંત્ર ચર્ચના માધ્યમ દ્વારા ચાલુ છે. આ આક્રમણના વિરોધમાં હિંદુ ભક્તોએ એકત્રિત થઈને લડાઈ લડવી પડશે !

આ અધિવેશનનું સીધું પ્રસારણ હિંદુ જનજાગૃતિ સમિતિના સંકેતસ્થળ HinduJagruti.orgદ્વારા, તેમજ 'HinduJagruti' આ 'યુ-ટ્યૂબ' ચેનલ દ્વારા પણ કરવામાં આવશે.

# કલાના કસ્બી એ કલ્પના ચિત્રોનું કર્યુ અનોખુ સર્જન

ચિત્રોના માધ્યમથી આંતર રાષ્ટ્રીયક્ષેત્રે ગોહિલ વાડનું નામ ગુજતું કર્યુ॰''ભાવનગર તા. ૧૦. શહેર નજીક વસેલા ફરિયાદકા ગામે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ચિત્રકારે પોતાની ચિત્ર કલાના ઓઝસ પાથરી માત્ર ગુજરાત જ નહિ આંતર રાષ્ટ્રીય ફલક પર સેંકડો લોકોની વાહ-વાહી મેળવી છે . તળાજા તાલુકાના પીથલપુર ગામના વતની અને હાલ ભાવનગરમાં રહેતા તથા શહેર સમીપ આવેલા ફરિયાદકા ગામે આવેલ પ્રાથમિક શાળામાં ચિત્ર શિક્ષક તરીકે સેવા ફરજ બજાવતા. રસીકભાઈ વાઘેલાની વાત નિહાળી છે . ઈ.સ. ૧૯૯૦-૯૫ થી શરૂ કરેલ ચિત્ર યાત્રાની શરૂઆત આજદિન સુધી યથાવત રહેવા પામી છે . કલાની આ યાત્રામાં સમગ્ર ગોહિલવાડ પંથકથી લઈને વિશ્વકક્ષા સુધી માં પોતાના દ્વારા સર્જન કરેલા ચિત્રોને લઈને પ્રખર પ્રસિધ્ધી પ્રાપ્ત કરી છે . માણસ જાતને કુદરત દ્વારા પ્રદાન કરેલ અનેક બક્ષીસી સો પૈકી એક એવી ચિત્ર કલા જેમાં વ્યકિત માનસિક સંકલ્પ દષ્ટી તથા આંગળીના ટેરવે વાસ્તવિક દશ્ય ખડુ કરવાની ગજબની શક્તિ ધરાવતા હોય છે . ભાવનગરના ચિત્રકાર રસીકભાઈ ચિત્રકલાનો આગવો અને અનોખો વારસો પ્રાપ્ત થયો છે . તેમની કલા પ્રત્યેની ધગશ એ તેમને નવા આયામ સુધી પહોંચાડયા છે . તેમના જણાવ્યા અનુસાર રેખાના ના પ્રકાર પાંચ હોય છે . જેના આધારે રેખા માંથી કોઈપણ ચિત્રનું સર્જન તેઓ કરી શકે છે . ભાવનગર જિલ્લાનું ગૌરવ સમા તથા પ્રખર રામાયણી વકતા પૂ.મોરારીબાપુ સહિત મુખ્યમંત્રી શ્રી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ સહિતના લોકોએ તેમની કલાને બિરદાવી વિશેષ પ્રમાણ પત્રો એવોર્ડથી નવાજયા છે . ચિત્ર યાત્રામાં અત્યાર સુધીમાં તેમણે ૨૫૦૦ થી વધુ ચિત્રોનું સર્જન કર્યુ છે . જેમાના અમુક ચિત્રો નેશનલ આર્ટ ગેલેરીમાં સ્થાન પામ્યા છે . સ્થાનિક કક્ષાએ રાજયકક્ષા તથા વિશ્વકક્ષાએ યોજાયેલ અનેક ચિત્ર સ્પર્ધાઓ માં તેમણે સિમા ચિન્હ રૂપ સિધ્ધીઓ પ્રાપ્ત કરી ભાવેણાનુ ગૌરવ વધાર્યુ છે . તેમણે ચાર થી પાંચ વાર ચિત્ર પ્રદર્શનનું આયોજન પણ પ્રાપ્ત કર્યુ છે . આવા ઉમદા કલાના કસ્વીની કલાને નિહાળવી એ પણ એક લ્હાવો છે . રસીકભાઈએ આગળીના ટેરવે ગ્રામ્ય જીવનથી લઈને જીવનની લોક સંસ્કૃતિ ઐતિહાસિક વારઓ તૈવી ચિત્રો રેખાચિત્રો સહિતના કલ્પના ચિત્રોને જીવંત કરવાનો પ્રયાસ કર્યો છે .

# ચાણસ્મા તાલુકા હેલ્થ ઓફિસરની સરાહનીય કામગીરી.



પાટણ જિલ્લા સમાચાર)

પાટણ જીલ્લાના ચાણસ્મા તાલુકામાં તાલુકા હેલ્થ ઓફિસર ચાણસ્મા તરીકે નવીન નિમણુંક પામેલા ડોકટર નિકુલ સી. નાયક જોશીલા તેમજ ખંતીલા સ્વમાન વાળા છે.જેમના દ્વારા ચાણસ્મા શહેરમાં -૧, ભાટસર -૧,તેમજ બ્રાહ્મણવાડા પી.એચ. સી. માં કોરોના પ્રોઝીટીવ કેસ આવતાં તે દર્દીને તાત્કાલિક આરોગ્ય દ્વારા મુલાકાત કરાવી. તેમને નિયમનુસાર હોમ આઈસોલેશન કરાવી તેમજ તેમના ઘરની આજુબાજુના એક કિલોમીટર ના વિસ્તાઅં આરોગ્યની ટીમો મૂકીને કોરોનાનું સાત દિવસ સુધી સઘન સર્વેલન્સ કરાવ્યું. તેમજ સમગ્ર તાલુકામાં ગત અઠવાડિયામાં કોરોના માટે હાઉસ ટુ હાઉસ સઘન સર્વેલન્સ કરાવ્યું.અને ભવિષ્યમાં કોરોના વાયરસ પોતાનું માથું ન ઊંચકે તેના આયોજનના ભાગરૂપે તા.૧૦/૬/૨૦૨૨ ને શુક્રવારના રોજ ડો.નિકુલ સી.નાયક દ્વારા ચાણસ્મા તાલુકાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરો, સુપરવાઈઝર્સ (પુરુષ અને સ્ત્રી) નોડલ સી.એચ.ઓ.સહિત મીટીંગ બોલાવી કોરોના બાબતે વિસ્તૃત ચર્ચા કરી આ બાબતે સૂચના આપી તેમજ સરકારશ્રી તરફથી ચાલતી અન્ય યોજનાઓ જેવી કે પી.એમ.જે.વાય., પી.એમ.એમ.વી.વાય., જે .એસ.એસ.કે.,જે.એસ.વાય. આ યોજનાનો લાભ વધુમાં વધુ લાભાર્થી ને મળી રહે તે માટે પણ મીટીંગ માં સુચના આપવામાં આવી હતી.

## ૧૪ જૂન, "વિશ્વ રક્તદાતા દિવસ"
# દેશમાં દર વર્ષે જરૂરિયાત કરતા ૨૦% ઓછુ લોહી મળે છે

દર વર્ષે ૧૪ જૂનનાં રોજ "રક્તદાતા દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. કાર્લ લેન્ડસ્ટેઇનર કે જે એબીઓ રક્તસમુહ પ્રણાલી (એબીઓ બ્લડ ગ્રુપ સીસ્ટમ)નાં શોધક છે. આ માટે તેમને ૧૯૩૦નાં વર્ષનું નોબેલ પારિતોષિક પણ એનાયત કરવામાં આવ્યું હતું. કાર્લ લેન્ડસ્ટેઇનરનો જન્મદિવસ ૧૪મી જૂન ૧૮૬૮ છે. વિશ્વને રક્તદાનનું મહત્વ સમજાવવા વિશ્વ આરોગ્ય સંસ્થા વર્ષ ૨૦૦૭ થી એમનાં જન્મ દિવસ (૧૪ જૂન)ને વિશ્વ રક્તદાન દિવસ તરીકે મનાવવાની શરૂઆત કરી. "વિશ્વ રક્તદાતા દિવસ" મનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને રક્તદાન અંગે જાગરૂત કરવાનો છે.લોકો સ્વેચ્છાએ બ્લડ ડોનેટ કરશે તો બ્લડ બેંક્રમાં પર્યાપ્ત માત્રામાં બ્લડ ઉપલબ્ધ રહેશે, જેનાથી જરૂર પડવા પર દર્દીને સરળતાથી બ્લડ મળી શકે. રક્તદાન કરવાથી કેટલાય લોકોને નવું જીવન આપી શકાય છે. દેશ-દુનિયામાં કેટલાય લોકો દરરોજ લોહીની ઉણપથી મૃત્યુ પામે છે. આ દિવસની ઉજવણીથી લોકોને સમજાવી શકાય છે કે રક્તદાન કેટલું જરૂરી છે.




આજે દુનિયા ટેકનોલોજીની બાબતમાં ખૂબ જ આગળ નીકળી ગઈ છે. મેડિસીનની બાબતમાં પણ ઘણા-બધા સંશોધનો થયા અને નવી નવી ટેકનોલોજીનો વિકાસ થયો છે. અદ્યતન સાધનોની મદદથી ઝડપી અને ખૂબ જ સારી રીતે સારવાર કરી શકાય છે. આ બધુ હોવા છતાં પણ હજુ સુધી કૃત્રિમ રીતે લોહી બની શક્યું નથી. એના માટે ઘણા બધા પ્રયત્નો થયા છે પણ હજું સુધી તેમાં સફળતા મળી નથી. તેના માટેનાં તમામ પ્રયત્નો વ્યર્થ સાબિત થયા છે. લોહી એ ફક્ત અને ફક્ત કોઈ રક્તદાતા પાસેથી જ મેળવી શકાય છે. અને આ કારણથી જ લોહીની ખૂબ જ અછત ઊભી થાય છે.

સામાન્ય રીતે લોકો બીજાની મદદ કરવાનાં હેતુથી રક્તદાન કરતા હોય છે અને તેમનું એક વખતમાં કરેલું રક્તદાન એ ૩ અન્ય લોકોનો જીવ બચાવી શકે છે. એક સર્વે અનુસાર મોટા ભાગનાં લોકો જેમણે રક્તદાન નથી કર્યું હોતું તેમનો રક્તદાન અંગે અભિપ્રાય એવો હોય છે એમને ક્યારેય રક્તદાન વિશે વિચાર્યું જ નથી હોતું. આનો મતલબ એ કે સમાજમાં હજું પણ રક્તદાન અંગે જાગૃતિનો અભાવ છે. જો સમાજમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં આવે અને લોકોને રક્તદાન અને તેની જરૂરિયાત તથા તેનાથી થતા ફાયદા વિશે સમજાવવામાં આવે તો એનાથી સમાજને ખૂબ જ મોટો ફાયદો થઈ શકે છે.

આ બાબતે યુવાનોનું ધ્યાન કેંદ્રિત કરવાની તાતી જરૂરિયાત છે. કારણ કે યુવાનો રક્તદાન માટે સક્ષમ હોય છે પણ જાગૃતતાનાં અભાવે યુવાનોને રક્તદાન માટે પ્રેરી શકાતા નથી. હાલમાં જુદી-જુદી બ્લડ બૅંક દ્વારા કૉલેજો અને મોટી શૈક્ષણિક સંસ્થાઓમાં રક્તદાન શિબિર યોજી યુવાનોને રક્તદાન માટે પ્રેરિત કરવામાં આવે છે. જે ખૂબ જ આવકારદાયક પગલું છે. જે લોકો રક્તદાન કરવા માંગતા હોય તેમના લોહીનો સૌ પ્રથમ ટેસ્ટ કરવામાં આવે છે કારણ કે એ લોહી સુરક્ષિત છે કે નહિ તે ખૂબ જ અગત્યની બાબત છે. રક્તદાન માટે મોટેભાગે શિબિરો યોજવામાં આવે છે અથવા બ્લડ બૅંક્રમાં જઈને રક્તદાન કરાતું હોય છે. આ સંજોગોમાં રક્તદાન શિબિરમાં સલામત રક્તદાન અંગેની પૂરતી વ્યવસ્થા કરવી જરૂરી છે. કેમ કે, કેટલીક વખત રક્તદાતા બિનસલામત સોય કે તેવા કોઈ કારણથી ચેપી રોગનો ભોગ બની શકે છે. જો કે હવેનાં સમયમાં જાગૃતિનો ફેલાવો થતાં આવા કિસ્સા ખૂબ જ ઘટી ગયા છે. સમાજમાં કોઈ વિશિષ્ટ દિવસ, જન્મ દિવસ અથવા પ્રસંગની ઉજવણી પણ રક્તદાન શિબિર દ્વારા કરવાનું ચલણ વધ્યુ છે. જે ખૂબ જ આવકાર્ય છે. આમ છતાં પણ સૌના સહિયારા પ્રયાસો હજું ઓછા પડે છે. જેમાં વધારો થાય અને જરૂરી સમયે રક્ત ન મળવાથી કોઈનું પણ મૃત્યુ ન થાય તેવી પરિસ્થિતિ સર્જાય તે જ આદર્શ સ્થિતિ કહી શકાય.

રક્ત આપો, જીવન બચાવો.

રક્તદાન, મહાદાન

મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# બાંકડાની આવરદા વધારવા બાંકડા ઊંધા ગોઠવ્યા છે!!!!

બખડજંતર ચેનલ તરફથી હું એટલે ગિરધર ગરબડીયા-મુખ્ય-ગૌણ જે કંઇ કહો તે રિપોર્ટર અને કેમેરામેન રાજુ રદી એક નગરપાલિકાની બેઠકનું કવરેજ કરવા સ્પોટ પર પહોંચ્યા.

બેઠકમાં ભાગ લેનાર સૌ બાપના બગીચા કે લવ ગાર્ડનમાં-પરિમલ ગાર્ડનમાં ટહેલતા હોય તેમ આવી રહ્યા છે. તેમના મુખકમળ ગુટકા,પડીકીને ન્યાય આપી રહ્યા છે. જો કે, બેઠકના હોલની દિવાલો પર તમાકુ ચાવવી અપરાધ છે, તેના માટે ફલાણા કાયદાની ઢીંકણી કલમ મુજબ દંડ થઇ શકે છે.સભાગૃહની દિવાલો લાલ પિચકારીથી સુશોભિત થઇ રહી હતી. "પાન ખાંયે શૈયા હમારા, હાંય હાર્યે મલમલકા કુરતા , કુરતે પે છીંટે લાલ'''ગીતનું અનાયાસ સ્મરણ થયું.ઝભ્ભા-લેંઘા- કોટીમાં સજ્જ સભ્યશ્રીઓ થિયેટરના કલાકોરો સમાન ભાસતા હતા.

બેઠક શરૂ થવામાં વાર હતી. બે-ત્રણ સભ્યોએ શાક માર્કેટમાં રીંગણા સો ના કિલો એવી બૂમ મારતા બકાલીની જેમ ગરમી બહુ છે, એસી મિનિમમ ટેમ્પરેચર પર સેટ કરવા સેવકોને આદેશ આપતા હતા. ત્રણ-તાર ભૂખાળવા( આમ તો દરેક ખાવા માટે તલપાપડ હોય!! હાઈ કિમાન્ડ ભલે ખંગ ખાય નહીં અને ખાવા દેવાની મનાઇ ફરમાવે) સભ્યોએ પ્રલંબ બગાસાંની શૃંખલા વચ્ચે ચપટી વગાડીને નાસ્તો ન આપો તો કાંઇ નહીં પણ હાઇકલાલાસ ચા તો પિવડાવો એવી પેયાત્મક અપીલ-આદેશ કરતા હતા. થોડાંક સભ્યો બેઠકના સભ્યો સમય અંગે કચકચ કરતા હતા. કેટલાક એજન્ડા શું છે તેની પૃચ્છા કરતા હતા. ટુંકમાં બેઠક પહેલાંનો પ્રમાદાત્મક માહોલ .સેક્રેટરી જેવો દેખાતો બુડથલ બાબુ માઇક ટેસ્ટિંગ હેલાવ હેલાવ કરતો હતો.

પ્રમુખ સાહેબ પધાર્યા. બધા મને કમને ઉભા થઇ આદર આપવાનો ડોળ કર્યો.જાતજાતની જય બોલાઇ. કમિશનર શાંતિ જાળવવા વિનંતી કરી અને બેઠક શરૂ કરવા અનુમતિ માંગી. પ્રમુખે ડોકું હકારમાં ધુણાવી સંમતિ આપી. કમિશનરે પ્રારંભિક ઉદબોધન કરવા પ્રમુખને વિનંતી કરી.

પ્રમુખે "ભાઇઓ.,,. "કહી બોલવાનું શરૂ કર્યું.

"સાહેબ અમારી હાજરીની નોંધ લેજો "પ્રમુખની માનીતી છમકછલ્લોએ કામુક અંદાજમાં કોમેન્ટ કરી.

"તમારી અર્ધી રાતે પણ મીઠી નોંધ લઇએ છીએ, મેડમ!!"લાળ ટપકાવતા પ્રમુખ મહોદય વધ્યા!!

" સાહેબ, બેઠકનો આ એજન્ડા નથી. બેઠક પછી રસિક થજો. " પ્રમુખ વિરોધી દળના અસંતુષ્ટ પ્રમુખની ફિરકી લીધી.

" સાહેબ અમારી ફરિયાદ છે" સામેની બાજુ ગણીને ત્રણ સભ્યો છે. એમાંના એક સ્કૂલમાં આંગળી ઊંચી કરીને કશુંક બોલવા રજા માંગે તેમ કહ્યું.

"તમારે ક્યારે ફરિયાદ હોતી નથી. પ્રજાએ તમને ચૂંટ્યા એ જ મોટી ફરિયાદ છે. બોલો શી ફરિયાદ છે? " પ્રમુખે કટ ટુ સાઇઝ વેતરી પૂછયું.

" સાહેબ એજન્ડામાં પાના ઊંધાચતા છે!" સામેના અ નામના સભ્યે ફરિયાદ કરી. પ્રમુખ જવાબ આપે તે પહેલાં ટ્રેઝરી બેંચના ક મામના સભ્યે બાઉન્ડરી લગાવી .

" સામે છો તો ઊંધુચતું જ મળે. મળે છે તેનો આભાર માનો. સીધો એજન્ડા જોઈતો હોય તો વિપક્ષના વાડ કૂદી અમારી બાજુ આવી જાવ."

"અમે. તમારી બાજુ આવી જઇશું તો તમને તકલીફ પડશે. અમને ટ્રેઝરી બેંચ કોઇ ક્રિમી કમિટીના ચેરમેન બનાવશે. અમારા વાળા તમારે ત્યાં આવી મંત્રી બનીને તમારી છાતી પર અડદ, મગ, મઠ દળે છે. તમે ચૂંટણી બેઠકમાં ખુરશી ગોઠવવા અને ઝંડા-પોસ્ટર લગાવ્યા કરજો. જમવામાં જગલો અને કુટવામાં ભગલો!!" અ નામના સભ્યે શાસક પક્ષના બ નામના સભ્યને રાજકીય ચૂંટલો ખણ્યો.

" બહુ ફિશિયારી ન કરો. તમારા એકટિંગ પ્રમુખની અમારે ત્યાં પેજ પ્રમુખની હેસિયત છે" ટ્રેઝરી બેંચના ગ નામના સભ્યે વાસ્તવ દર્શન કરાવ્યું.

" માનનીય સભ્યશ્રીઓ આપણી આજની બેઠકનો એજન્ડા વિકાસ કામોનો છે, સામસામા સભ્યશ્રીઓને તેમના ગંદા લૂગડાં અહીં ન ધોવા વિનંતી છે!!" કમિશનરે વિનંતી કરી .

" સાહેબ અમારા વિસ્તારમાં એક પણ સરકારી બ્યુટી પાર્લર નથી. અમને અર્ધી કિંમતે-ડિસ્કાઉન્ટ ભાવે લિપસ્ટિક દિનદયાળ ગ્રાહક ભંડારમાંથી આપશો કે કેમ ?" પક્ષાપક્ષીથી પર રહી શાસક-વિપક્ષ સર્વાનુમતે વેતન વધારો કરે તેમ સામુહિક રજૂઆત કરી.

" આ બધું આપણી નીતિમાં સામેલ નથી" પ્રમુખે દરખાસ્ત ખારીજ કરી.

" હાય હાય. મહિલા સશકિતકરણની જયજયકાર કરવાની અને બ્યુટી પાર્લર જેવી પાયાની જરૂરિયાત પૂરી કરવાની નહીં?? આમાં અમે કેવી રીતે સુંદર રહી શકીએ?'''' મહિલા કોર્પોરેટરોએ કાબરની જેમ કલબલ કરી !!

" સાહેબ અમારા વિસ્તારમાં? બાંકડા ઊંધા ગોઠવ્યા છે. બાંકડા લગાવવાની પોલિસીમાં ઊંધો ફેરફાર કર્યો છે?" જ નામના સભ્યે પૂછયું!!

" મોંઘા ભાવના બાંકડાની આવરદા વધારવા ઉપરથી મળેલ સૂચના મુજબ બાંકડા ઊંધા ગોઠવ્યા છે, જેના ખૂબ જ ઉમદા પરિણામો મળ્યા છે" પ્રમુખે કહ્યું!!

બેઠકમાં ચર્ચા માટે કોઇ મુદો ન હોવાથી કમિશનરે બેઠક સમાપ્ત જાહેર કરી .

ભરત વૈષ્ણવ

---

# જોઈએ

સુખ અણીદાર હોવું જોઈએ,
દુખ કણીદાર હોવું જોઈએ.
સાવ ઢીલુંઢસ ચાલશે જ નહી.
મુખ પાણીદાર હોવું જોઈએ .
નાગ,સાપ,ખડચિતરો હોય,
ફણું મણિદાર હોવું જોઈએ.
જે કાંઈ પણ મળે ઉદાર હાથે ,
તે બધું જ ઉધાર હોવું જોઈએ.
ગંગાનું કે આબો ઝમઝમનું હોય,
પાણી પાસાદાર હોવું જોઈએ .
ભરત વૈષ્ણવ

### સહેજ પણ ભ્રષ્ટાચાર સાંખી નહી લેવાયઃ જશવંતભાઈ પટેલ

# ચેરમેન જશવંતભાઈ પટેલની ઝીરો ટોલરંસની ઇન કરપ્શન નીતિ



ગાંધીનગર,

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મહત્વના ઐતિહાસિક નિર્ણયો કરવામાં આવ્યા છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં કુલ ૧૭ વિષય પૈકી ૧૬ વિષયને મંજૂરી આપવામાં આવી છે જયારે એક વિષયને સ્ક્રેપ કરવામાં આવ્યો છે. સ્ટેન્ડિંગની બેઠકમાં ૭ કંપનીઓને મહાનગરપાલિકામાં આજીવન બ્લેકલિસ્ટ કરવાની ભલામણનો સૌથી અગત્યો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં રૂદ્ર એન્ટરપ્રાઇઝ, પવિત્રા સોલ્યુશન, માનવ એન્ટરપ્રાઇઝ, ગણેશ કોર્પોરેશન, એલ. એમ ટ્રેડિંગ, માજી ગૃપ અને મિનાક્ષી એન્ટરપ્રાઇઝનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભ્રષ્ટાચારના આરોપમાં સંડોવાયેલી શંકાસ્પદ કંપનીઓ સામે શિક્ષાત્મક પગલા ભરવા માટે સ્ટેન્ડિંગ સમિતિની ચેરમેન જશવંતભાઈ પટેલે સૂચના આપી છે. તેમણે જણાવ્યું કે, ×મહાનગરપાલિકાની તિજોરી પર કોઈની તરાપ નહી પડવા દઈએ. ભ્રષ્ટાચાર ક્યારેય પણ નહી સાંખી લેવાય. જે પણ લોકો આ ગેરરીતિમાં સામેલ હશે તેમની સામે આકરા પગલા લેવામાં આવશે.×

સ્ટોર શાખા દ્વારા કરવામાં આવેલી ખરીદીમાં થતા ભ્રષ્ટાચારને ચેરમેન જશવંતભાઈ પટેલ દ્વારા ઉજાગર કરવામાં આવ્યો. ત્યારે હવે આ મામલે ચેરમેનશ્રીએ જણાવ્યું છે કે, જયા સુધી અમે ત્રણેય પદાધિકારી મહાનગરપાલિકામાં છીએ ત્યા સુધી મહાનગરપાલિકાની તિજોરી પર કોઈની ખરાબ નજર નહી પડવા દઈએ. જરૂર પડ્યે પોલિસ ફરિયાદ પણ દાખલ કરીશું અને ભ્રષ્ટ એજન્સીઓને કાયમી પ્રતિબંધિત કરીશું.



ગાંધીનગર ભૂતકાળ ના રાજકીય ચોરા ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાછળ બનાવવામાં આવેલી નાની દુકાનોમાં મોખરાનું સ્થાન ધરાવતી આ જગ્યા કયા રાજકીય મહાનુભાવ તૂટેલો ફૂટેલો ગલ્લો મૂકી ને દબાવીને બેઠા છે જેને તંત્ર/દબાણ વાળા વર્ષોથી હટાવી શકતા નથી.જેના ઉપર નામ લખ્યું છે તેઓ વર્ષોથી અવસાન પામેલા છે..તો હવે કોણ આ દબાવી ને બેઠું છે..?

## ગાંધીનગરના નાગરિકોએ 'ઝીરો શેડો ડે' ની અનુભૂતિ કરી



સૂર્ય જ્યારે વિષુવવૃત્તથી કર્કવૃત અને મકરવૃત વચ્ચે પ્રવાસ કરે છે ત્યારે બે વખત સૂર્ય બરાબર માથા પરથી પસાર થાય છે. ત્યારે 'ઝીરો શેડો ડે' ની ઘટના બને છે. આ દિવસને ઝીરો શેડો ડે તરીકે ઓળખવામાં આવે છે. ઝીરો શેડો ડે ફક્ત કર્કવૃત્ત અને મકરવૃત્તની વચ્ચેના વિસ્તારમાં આવેલા પ્રદેશોમાં જ જોઈ શકાય છે. દરેક જગ્યા માટે આ દિવસ અને સમય જુદા જુદા હોય છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર ધ્વારા વર્ષ દરમિયાન વિવિધ ખગોળીય ઘટનાઓ વિષે લોકોમાં જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. ગાંધીનગરના નાગરિકો અને વિદ્યાર્થીઓએ આજ રોજ તા. ૧૩ જૂન ૨૦૨૨, સમય બપોરે ૧૨:૩૯ કલાકે પડછાયો શૂન્ય થવાની ઘટના નિસર્ગ સાયંસ સેન્ટર ખાતે નિહાળી હતી. જેમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી,ડો.અનીલ પટેલે આ સમગ્ર ખગોળીય ઘટના કઈ રીતે સર્જાય છે તેની માહિતી આપી હતી. વર્ષમાં બે વખત આ ઘટના કઈ રીતે બને છે તેની ચર્ચા કરી હતી. વિવિધ સાધનો ધ્વારા પડછાયો ગાયબ થવાની અનુભૂતિ નાગરિકોએ કરી હતી.

ગાંધીનગરમાં ફરી આ ઘટના ૨૯ જુન ૧૨:૪૨ વાગ્યે જોઈ શકાશે.

### મંગલમ વિદ્યાલય સંકુલ ખાતે

# લેખકશ્રી પ્રવીણભાઈ જોષીના વાર્તાસંગ્રહ જીવતરનો વિમોચન સમારોહ યોજાયો.



(બનાસકાંઠા જિલ્લા સમાચાર )

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે આવેલ મંગલમ વિદ્યાલય સંકુલમાં બનાસકાંઠા જિલ્લાના જાણીતા અને એવોર્ડથી સન્માનિત સાહિત્યકાર શ્રી પ્રવીણભાઈ જોષીના વાર્તા સંગ્રહ ×જીવતર× નો વિમોચન સમારોહ જિલ્લાના જાણીતા તબીબ અને સેવાભાવી દાતાશ્રી સુરેન્દ્ર ગુપ્તા×ના અધ્યક્ષસ્થાને ખૂબ જ વિશાળ સાહિત્ય પ્રેમી જનોની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.આ પ્રસંગે કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાન શ્રીઓ માનનીય અધ્યક્ષશ્રી સુરેન્દ્ર ગુપ્તા, મુખ્ય મહેમાનશ્રી ડૉ.રાજેશ વણકર, પુસ્તકના વિમોચક શ્રી શૈલેષ પંડ્યા (જી. ટી.પી.એલ. ચેનલના એંકર અને જાણીતા સાહિત્યકાર), અતિથિ વિશેષશ્રીઓ ધરમાભાઈ શ્રીમાળી, વિનુભાઈ બામણીયા, નરેન્દ્ર જગતાપ, સંસ્થાના પ્રમુખશ્રી અરવિંદભાઈ ચોરાસીયા, શુષ્ક પિરોજપુરી વગેરેનું ફૂલહાર, પુસ્તક અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ વિમોચન સમારોહમાં ખૂબ જ મોટી સંખ્યામાં લોકપ્રિય સાહિત્યકારો, પત્રકારો, સ્નેહીજનો દૂર દૂરથી ઉપસ્થિત રહીને લેખકશ્રી નું સન્માન કર્યું હતું. દરેક વકતાશ્રીઓએ લેખકશ્રી પ્રવિણભાઇ જોષીને ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ આપીને બિરદાવ્યા હતા. જોગાનુજોગ સોનામાં સુગંધ ભળે એમ એક જ દિવસે સવારે ૧૧/૩૦ કલાકે પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. અને સાંજે જી.ટી.પી.એલ. ચેનલ ઉપર એમનો સાહિત્યનો કાર્યક્રમ ×સર્જક સાથે સંવાદ× સાંજે ૬ કલાકે પ્રસારિત કરવામાં આવ્યો હતો.

લેખકશ્રી પ્રવીણ જોષી એ સમગ્ર સ્નેહીજનોને આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં ખાસ રસ લઈને મદદરૂપ બનનાર ડો.સુરેન્દ્ર ગુપ્તા સાહેબ ભોજન સહિતની સેવાઓ માટે દાતા બન્યા હતા. તે બદલ ઉપસ્થિત લોકોએ તેમને તાળીઓના ગડગડાટ થી વધાવી લીધા હતા.

# સુજલામ સુફલામ જળ અભિયાન – ૨૦૨૨ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં જળ સંગ્રહશક્તિમાં ૮૪.૪૦ લાખ ઘનફુટ જેટલો વધારો થયો



ગાંધીનગરઃ સોમવાર

ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન- ૨૦૨૨ અંતર્ગત ૧૧૬ કામો કરવામાં આવ્યા છે. આ કામો થકી જિલ્લામાં જળસંગ્રહશક્તિમાં ૮૪.૪૦ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયો છે. તેમજ જિલ્લામાં ૧૬ કિલોમીટર થી વધારે કાંસોની સફાઇ પણ કરવામાં આવી છે.

સમગ્ર રાજયમાં વર્ષ-૨૦૧૮માં જળ સંગ્રહશક્તિ વધારવા, પાણીનો બગાડ અટકાવવા તથા લોકમાનસમાં જાગૃતિ લાવવાના ઉમદા આશયથી સુજલામ સુફલામ જળ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. સુજલામ સુફલામ જળ અભિયાન- ૨૦૨૨નો આરંભ રાજયભરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામ ખાતેના તળાવથી કરવામાં આવ્યો હતો.

સમગ્ર રાજય સહિત ગાંધીનગર જિલ્લામાં તા.૧૯મી માર્ચથી આરંભ થયેલા અભિયાન થકી જળ સંગ્રહ કરવાના અનેક કામો કરવામાં આવ્યા છે. આ અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં લોકભાગીદારીથી ૫૨ કામો, મનરેગા હેઠળ ૨૩ કામો તથા વિભાગીય રીતે ૪૧ કામો મળી કુલ- ૧૧૬ કામોનો આરંભ કરવામાં આવ્યો હતો. જેમાં દહેગામ તાલુકામાં ૩૬, ગાંધીનગર તાલુકામાં ૨૭, કલોલ તાલુકામાં ૨૬ અને માણસા તાલુકામાં ૨૭ જેટલા કામો કરવામાં આવ્યા છે. આ કામો થકી જળ સંગ્રહશક્તિમાં ૮૪.૪૦ લાખ ઘનફૂટ જેટલો વધારો થયો છે.

આ અભિયાન થકી ગાંધીનગર જિલ્લાની ૧૬ કિલોમીટરથી વધારે કાંસોની સાફ – સફાઇ કરવામાં આવી છે. તેમજ ૬૬૦૦ થી વધારે માનવદિનની રોજગારી પુરી પાડવામાં આવી છે. આ અભિયાનમાં ગટર સાફ- સફાઇ, નદી સાફ સફાઈઅને એર વાલ્વ સાફ સફાઇના કામો કરવામાં આવ્યા છે.

આ અભિયાન અંતર્ગત થયેલ કામગીરી થકી પાણીના સંગ્રહમાં વધારો થવાથી કુવાઓમાં તળ ઉંચા આવશે. સિંચાઇ વ્યવસ્થા સુદ્રઢ થશે. તળાવો, ચેકડેમો વગેરેમાં પાણીનો સંગ્રહ થવાથી સ્થાનિક કક્ષાએ ઘરગથ્થુ વપરાશ, ઢોર-ઢાંખરને પીવાના પાણીની સમસ્યાઓ હળવી થશે.

ખેડૂતોને લાભ થશે. ભુગર્ભ જળના તળ ઉંચા આવવાથી સિંચાઇ અર્થે થતાં વિજ વપરાશમાં ઘટાડો થશે. આ અભિયાન અંતર્ગત થયેલ ખોદાણના કામો થકી નીકળેલ માટી અને કાંપનો ખેડૂતોના ખેતરમાં તથા જાહેર વિકાસના કામોમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉપરાંત આ માટે સરકાર દ્વારા રોયલ્ટીમાં માફી પણ આપવામાં આવેલ છે.

### MV એકટ કલમ -૨૦૭ માં જમા લીધેલા

## વાહનોની હરાજી વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ૧૪ જૂનના રોજ યોજાશે

વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે એમ. વી એકટ કલમ ૨૦૭ મુજબના કામે જમા લીધેલ વાહનોને છોડાવવા માટે વાહનોના માલિકોને કાયદાકીય નિયમો અનુસાર નોટિસ પાઠવવા છતાં આજદિન સુધી તેઓ પોતાના વાહન છોડાવવા માટે આવ્યા નથી.

જેથી સદરી વાહનોનીજાહેર હરાજી તા.૧૪/૦૬/૨૦૨૨ ના રોજ સવારે ૧૧ કલાકથી વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવેલ છે એમ મદદનીશ પોલીસ કમિશનર શ્રી ડિવિઝન અમદાવાદ શહેરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### સરપંચે ગામના ૪ શખ્સો સામે એટ્રોસીટી હેઠળ ગુનો નોંધાવ્યો

# વડગામના બાવલચુડીમાં સરપંચ પર હુમલો થતાં ચકચાર ૪ ઈસમો વિરુદ્ધ નાંધાઈ ફરિયાદ

(બનાસકાંઠા જિલ્લા સમાચાર )

વડગામ તાલુકાના બાવલચુડી ગામમાં ગટરનું કામ કેમ રીપેર કરતાં નથી તેમ કહી સરપંચ પર હુમલો કરતાં ચકચાર મચી ગઇ હતી. આ અંગે છાપી પોલીસ મથકે ગામના જ ૪ શખ્સો સામે એટ્રોસીટી હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડગામ તાલુકાના બાવલચુડી ગામના વિનોદભાઈ નરસિંહભાઈ ચૌહાણ રવિવારે સાંજના સાડા સાત વાગ્યાના સુમારે પત્ની ભીખીબેન, દીકરો હાર્દિક, કાકાના દીકરો શૈલેષભાઇ અને તેમના મિત્ર રવિન્દ્રભાઈ ચૌહાણ સાથે ઘરે હાજર હતા. તે દરમિયાન ગામના જવાનજી કરશનજી ઠાકોર કહેવા લાગેલા કે, કેમ ગટરનું પાણી નીકળે છે અને તમે કેમ રીપેર કરાવતા નથી.

જેથી સરપંચ વિનોદભાઈએ કહ્યું કે, હાલમાં મંજૂર મળેલ નથી અને સવારમાં નવિન લાઇન નાખવાની છે તેમ કહેતાં તેમની સાથે આવેલ ચારેય શખ્સો એકદમ ઉશ્કેરાઇ જઇ અપશબ્દો બોલવા લાગ્યા હતા. જેથી સરપંચ વિનોદભાઈએ અપશબ્દો બોલવાની ના કહેતાં તેઓ સરપંચને જાતિ અપમાનિત શબ્દો બોલવા લાગ્યા હતા.

જેથી સરપંચે જાતિ અપમાનિત અપશબ્દો બોલવાની ના કહેતાં ચારેય જણ એકદમ ઉશ્કેરાઇ જઇ સરપંચને આડેધડ શરીર ઉપર ગડદા પાટુનો માર મારવા લાગ્યા હતા.

જેથી શૈલેષભાઇ અને રવિન્દ્રભાઇ વચ્ચે પડી વધુ મારમાંથી છોડાવ્યા હતા. આ બનાવને લઇ પંથકમાં ચકચાર મચી ગઇ છે. ત્યારબાદ સરપંચ વિનોદભાઈ ચૌહાણે છાપી પોલીસ મથકે ગામના જ અશોકજી સુરાજી ઠાકોર, જેસુંગજી ભીખાજી ઠાકોર, જીગ્નેશજી જવાનજી ઠાકોર અને જવાનજી કરશનજી ઠાકોર સામે એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સમસ્ત મહાજન દ્વારા આપણું ગામ, ગોકુળ ગામ યોજના

વૈશ્વીક સ્તરે જળ, જન, જંગલ, જમીન, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા 'સમસ્ત મહાજન' ના મેનેજીંગ ટ્રસ્ટી, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બરશ્રી ગિરીશભાઈ શાહના માર્ગદર્શનમાં 'આપણું ગામ ગોકુળગામ' યોજના અંતર્ગત ગ્રામ સ્વાવલંબનનો પાયો છે ગૌચર વિકાસ, જળસંરક્ષણ અને વિશાળ પાયે દેશી વૃક્ષોનું વૃક્ષારોપણ, ગૌચર વિકાસમાં ગામનું ગૌચર ગાંડા બાવળથી મુક્ત થાય અને ઘાસચારાથી ગામના અબોલ જીવોને શાતા મળે. જળસંરક્ષણ અંતર્ગત ગામના તમામ નદી, નાળાં, તળાવ, ગાંડા બાવળ મુકત થઈ ચોખ્ખાં અને ઉંડા થાય. વરસાદનું ટીપેટીપું ગામમાં જ સચવાઈ જાય. દેશી વૃક્ષોનું વૃક્ષારોપણ, પક્ષીને ચણ મળે, પશુને છાંયો મળે, જમીનને ભેજ મળે, વરસાદ પણ ખેંચીને લાવે. વડ, પીપળ, આંબો, આંબલી, લીમડો, જાંબુ, ઉંબરો, અર્જુન, કરંજ જેવાં દેશી વૃક્ષોનું વૃક્ષારોપણ કરી, તેને ત્રણ વર્ષ પ્રેમપૂર્વક ઉછેરી મોટાં કરવાની સંપૂર્ણ જવાબદારી સમસ્ત મહાજન નિભાવશે. આ યોજનામાં જોડવવાનો સૌથી સહજ સરળ ઉપાય તથા એક ગામને ગોકુળિયું બનાવવાનો ખર્ચ એક ગામમાં ૩૨૦૦ દેશી વૃક્ષોનું વૃક્ષારોપણ અને ત્રણ વરસ સુધીના ઉછેરની જવાબદારી સાથે ગૌચર ચોખ્ખું કરવાનું કામ અને જળ સંરક્ષણના કાર્યો પણ આ યોજના હેઠળ થશે. ૩૩૦૦ દેશી વૃક્ષો માટે પ્રતિવૃક્ષ રૂા. ૩,૦૦૦ આપીને, સંપૂર્ણ લાભ લઈને ગામને નંદનવન બનાવી શકાય છે. ગ્રામજનો પોતાની ખેતીની જમીનના પ્રતિ એકર રૂા. ૧,૦૦૦ આપે, પશુપાલકો પોતાના પશુધન દીઠ રૂા. ૧૦૦૦ આપે, દાતાઓ એક વૃક્ષ દીઠ રૂા. ૩,૦૦૦ આપીને ૩૩૦૦ વૃક્ષ નોંધાવે, એનાથી ગામનાં ગૌચર, તળાવ, વૃક્ષોનાં તમામ કાર્યો પરિપૂર્ણ થાય, યોજનાથી ગામની કાયાપલટ થવા સાથે પશુપાલન માટે અગત્યનાં ચારાપાણી પણ ગામમાં જ સહજ ઉપલબ્ધ થશે.

ગૌચર, તળાવ, દેશી વૃક્ષો અબોલ જીવોની જીવાદોરી છે. સમસ્ત મહાજન દ્વારા આ યોજના અંતર્ગત કચ્છમાં અત્યારસુધીમાં મોટા મોટા ભાડીયા (૫૦ એકર), નાના ભાડીયા (૧૬૦ એકર), કાઠડા (૧૨૦૦ એકર),શિરવા (૩૨૦ એકર), બાયઠ (૭૫૦ એકર), પંચોટિયા (૩૫૦ એકર) , મોટા લાયજા(૨૫૦ એકર), કુમરા (૭૦૦ એકર),સાંથરા (૨૫૦ એકર) , રામપર સરવા (૨૦૦ એકર) , ખારૂઆ (૩૨૫ એકર) , ધબુંડી ગૂંદીયાલી (૧૪૦૦ એકર), કોટડી મહાદેવપૂરી (૩૫૦૦ એકર),ડેપા (૨૦૦ એકર), ખસ્કા (૩૦૦ એકર) , મોટી ખાખર (૩૫૦ એકર) , ભોજાય (૧૫૦૦ એકર) , ભુજપુર (૬૦૫ એકર) , ડોણ (૪૫૦ એકર) , મોખા (૪૦ એકર) , ભાડા (૨૦૦ એકર) , વારાપધર (૩૦૦ એકર), ઉશ્તિયા (૩૫૦ એકર), તલવાણા (૩૨૫ એકર) , મોટા રતડિયા (૩૫૦ એકર) , ખિરસરા (૩૫૦ એકર)ની જમીન પર નંદનવન બનાવાનું કાર્ય શરૂ થઈ ચૂક્યું છે.

સમસ્ત મહાજનને અપાતુ દાન ઈક્મ ટેકસની કલમ-૮૦ જી હેઠળ કરમુકિતને પાત્ર. સંસ્થા એફસીઆરએ અને સીએસઆર ફંડ સ્વીકારને પણ પાત્ર છે સમસ્ત મહાજનને ઉપરોકત વિવિધ યોજનાઓમાં દાન મોકલી શકાય છે. સમસ્ત મહાજનને દાન મોકલવા માટે આપનો ચેક જીછસ્છજી સ્છઉઁછત્નછદ્ગ, ના નામનો લખવો સમસ્ત મહાજન, ૪૦૯, પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪, ઈમેઇલ : samastmahajan9@gmail.com / www.samastmahajan.org. આ યોજના અંગેની વિશેષ માહિતી માટે ગિરીશભાઈ શાહ (મો. ૯૮૨૦૦ ૨૦૯૭૬), દિપકભાઈ ભેદા (મો.૯૮૨૦૨ ૭૧૫૧૩), ગીરીશભાઈ સત્રા (મો. ૯૮૨૦૧ ૬૩૯૪૬) પર સંપર્ક કરવા મિતલ ખેતાણીની યાદીમાં જણાવાયું છે.

### ગાય આધારિત પ્રાકૃતિક ખેતી થકી પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું વેચાણ વધે એ સમયની માંગ

# કર્ણાવતી ગ્રાહક પ્રાકૃતિક બજાર -૨૦૨૨ને ખુલ્લું મુકતા રાજયપાલશ્રી.



## ગુજરાત ગ્રામહા ખાતે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનના ૨૯ સ્ટોલનુ ત્રિ- દિવસીય પ્રદર્શન અને વેચાણ

પ્રધાનમંત્રીશ્રીના ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પને સિધ્ધ કરવા અમદાવાદ જીલ્લામાં પણ પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે ગુજરાત ગ્રામ હાટ ભવન, પાલડી ખાતે ''કર્ણાવતી પ્રાકૃતિક કૃષિ ગ્રાહક બજાર-૨૦૨૨'' રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે જાહેર જનતા માટે ખુલ્લું મુકવામા આવ્યું.

રાજયપાલશ્રીએ અમદાવાદ જીલ્લામાં પ્રાકૃતિક ખેતી થકી કૃષિ ઉત્પાદન કરતા પ્રગતીશીલ ખેડુતોના પ્રાકૃતિક કૃષિ પેદાશોના ૨૯ જેટલા સ્ટોથલની મુલાકાત લઇને ખેડુતોને આત્મનિર્ભરતામાં સહયોગી થવા પ્રોત્સાહિત કરીને સંવાદ સાધ્યો હતો.

સમગ્ર ગુજરાતમાં રાજયપાલશ્રી ત્રણ વર્ષથી રાજયમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે સતત પ્રયત્નશીલ છે અને તે માટે તમામ જિલ્લા વહીવટીતંત્રને પણ દિશાસૂચન કર્યુ છે.

રાજયપાલશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ચાલતા પ્રાકૃતિક કૃષિ અભિયાનને વ્યાકપક બનાવવા, અમદાવાદ જીલ્લાના ખેડુતો પણ પ્રાકૃતિક કૃષિ અપનાવીને આર્થિક રીતે સધ્ધર બને તેવા ઉમદા હેતુથી તથા તેમની પોતાની કૃષિ ઉપજ માટે વેચાણ વ્યવસ્થા અને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે અમદાવાદ શહેરના હાર્દસમા વિસ્તાષર ગુજરાત ગ્રામ હાટ ભવન, અંજલી ચાર રસ્તા, પાલડી ખાતે ત્રણ દિવસ સુધી કૃષિ ઉત્પાદનનું પ્રદર્શન અને વેચાણ જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ દ્વારા ખેતી કરતા ખેડૂતો દ્વારા ઉત્પાદિત પાકના અંદાજે ૨૯ જેટલા સ્ટોલમાં વિવિધ પ્રોડક્ટ જેવી કે ઓર્ગેનિક હળદર, ઘી, ચણા, ઘઉં,ચોખા,બાજરી,રાઈ, અજમો, જીરું,ડેરી અને બેકરી પ્રોડક્ટ, ફળો અને અન્ય વસ્તુઓ અહીં વેચાણ અર્થે ઉપલબ્ધ છે.

શહેરના નાગરીકોનુ આરોગ્ય અને તંદુરસ્તી જળવાય એવા શુભ આશયથી જીલ્લા પંચાયત, અમદાવાદ દ્વારા શરૂ કરેલ કર્ણાવતી ગ્રાહક પ્રાકૃતિક બજારનો લાભ લેવા તેમજ ખેડુતોને પ્રોત્સાહીત કરવા સમગ્ર વહીવટીતંત્ર દ્વારા તમામ શહેરીજનોને અનુરોધ કરવામાં આવે છે.

આ પ્રસંગે અમદાવાદ મેયર શ્રી કિરીટકુમાર પરમાર,પૂર્વ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, જિલ્લા કલેકટરશ્રી સંદિપ સાગલે, જીલ્લા વિકાસ અધિકારીશ્રી અનિલભાઈ ધામેલિયા, જીલ્લા ખેતીવાડી અધિકારી શ્રી હિતેશભાઈ પટેલ, બાગાયત નિયામકશ્રી કલ્પનાબેન પંચાલ, આત્મા ગુજરાત, પશુપાલન ખાતના અધિકારીઓ અને જીલ્લાના ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

મનીષાપ્રધાન/શ્રધ્ધાટીકેશ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK